અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ ફેબ્રુઆરી ૨૦૨૪, રવિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ વદ નોમ
વર્ષ : ૧૫
અંક : ૧૮૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### ખાલિસ્તાન માટે કથિત જનમત સંગ્રહ કાર્યક્રમમાં બે જૂથો વચ્ચે મારામારી

। વોશિંગ્ટન, તા.૩ ।

ભારત સાથે દોસ્તીનો દાવો કરતા અમેરિકામાં ભારત વિરોધી અને ભારત સામે ઝેર ઓકનારા ખાલિસ્તાનીઓને વાણી સ્વાતંત્ર્યના નામે ગમે તે કરવાની છૂટ આપવામાં આવતી હોય છે. જેના કારણે ખાલિસ્તાનીઓ વારંવાર ભારત વિરોધી દેખાવો કરતા હોય છે. જોકે સાન ફ્રાન્સિસ્કો શહેરમાં યોજાયેલા આવા જ એક કાર્યક્રમમાં ખાલિસ્તાનીઓ અંદરો અંદર મારામારી પર ઉતરી આવ્યા હતા. સાન ફ્રાન્સિસ્કો શહેરમાં ૨ફેબ્રુઆરીએ ખાલિસ્તાન માટે કથિત જનમત સંગ્રહનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ભારત વિરોધી પોસ્ટરો લગાવાયા હતા પણ આ કાર્યક્રમ દરમિયાન બે જૂથો વચ્ચે વિવાદ થયો હતો અને જોત જોતામાં મારામારી શરુ થઈ ગઈ હતી. આ પૈકીનુ એક જૂથ મેજર સિંહ નિજ્જર તેમજ બીજુ જૂથ સરબજીત સિંહ સબીનુ હોવાનુ કહેવાઈ રહ્યુ છે.

### જિનપિંગની ટી પાર્ટી ખોફ અને દહેશતનું બીજું નામ બની

। બિજિંગ, તા.૩ ।

ચીનમાં આજકાલ રાષ્ટ્રપતિ શી જિનપિંગની ઓફિસમાંથી મોકલવામાં આવતા ટી પાર્ટીના નિમંત્રણની ભારે ચર્ચા છે. બલ્કે જિનપિંગની ટી પાર્ટી ખોફ અને દહેશતનુ બીજુ નામ બની ગયુ છે. સામાન્ય રીતે દેશના સર્વોચ્ચ નેતાની ઓફિસમાંથી ટી પાર્ટીનુ આમંત્રણ મળે તો લોકો ગૌરવ થતા હોય છે પણ ચીનમાં તો આ આમંત્રણ જેમને મળે તે લોકો થર થર કાંપવા માંડે છે. આની પાછળનુ કારણ પણ હેરાન કરી દે તેવુ છે. ચીનમાં સરકાર દ્વારા ટી પાર્ટીનુ આમંત્રણ એવા લોકોને મળે છે જેમના પર સરકારને ગંભીર ગુનામાં સંડોવાયેલા હોવાની શંકા હોય. ટી પાર્ટી તો ખાલી નામ છે. આમંત્રણ બાદ પહોંચનારા વ્યક્તિની આકરી પૂછફરછ કરવામાં આવે છે અને ક્યારેક તો વ્યક્તિને ટોર્ચરનો પણ સામનો કરવો પડે છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે ચીનની સરકારે ૧૦ એવા અપરાધોનુ લિસ્ટ તૈયાર કર્યુ છે કે જેમાં સંડોવાયેલા વ્યક્તિને ટી પાર્ટીનુ ઈન્વિટેશન મોકલવામાં આવે છે અને ટી પાર્ટી બાદ વ્યક્તિ ઘરે પાછો નથી ફરતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર માહિતી આપી

# ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને દેશનું સર્વોચ્ચ સન્માન ભારત રત્ન અપાશે

## અડવાણી પાર્ટીના એકમાત્ર એવા નેતા છે જે ૧૯૮૦માં ભાજપની રચના થઈ ત્યારથી લઈને અત્યાર સુધી સૌથી વધુ સમય સુધી પાર્ટી અધ્યક્ષ હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

કેન્દ્રની મોદી સરકારે આજે એક મોટી જાહેરાત કરી છે. સરકારે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને દેશનું સર્વોચ્ચ સન્માન ભારત રત્ન આપવાની જાહેરાત કરી દીધી છે. આ વાતની જાણકારી ખુદ પીએમ મોદીએ આપી હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'મને એ વાત જણાવતાં ખુશી થઈ રહી છે કે લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવશે. મેં તેમની જોડે વાત કરી છે અને આ સન્માનથી સન્માનિત કરવા અંગે તેમને શુભેચ્છા પાઠવી હતી. અમારા સમયના સૌથી સન્માનિત રાજનેતાઓમાંથી એક, ભારતના વિકાસમાં લાલકૃષ્ણ અડવાણીનું યોગદાન અવિસ્મરણીય છે.' લાલકૃષ્ણ અડવાણી પાર્ટીના એકમાત્ર એવા નેતા છે જે ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટીની રચના થઈ ત્યારથી લઈને અત્યાર સુધી સૌથી વધુ સમય સુધી પાર્ટીના અધ્યક્ષ રહ્યા છે. પ્રથમ વખત તેઓ ૧૯૮૬ થી ૧૯૯૦ અને ત્યારબાદ ૧૯૯૩ સુધી અધ્યક્ષ રહ્યા હતા. ૧૯૯૮ અને પછી તેઓ ૨૦૦૪ થી ૨૦૦૫ સુધી પાર્ટીના અધ્યક્ષ રહ્યા હતા. સાંસદ તરીકે ત્રણ દાયકાની લાંબી ઈનિંગ્સ રમ્યા પછી, અડવાણી પહેલા ગૃહ મંત્રી બન્યા અને બાદમાં અટલ જીની કેબિનેટ (૧૯૯૯-૨૦૦૪)માં નાયબ વડા પ્રધાન બન્યા હતા. અડવાણી ઉંમર અને તબીયતના કારણે અડવાણી છેલ્લા ઘણા વર્ષોથી જાહેરમાં આવતા નથી. પરંતુ ૨૨ જાન્યુઆરીએ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા પહેલા તેઓ ફરીથી ચર્ચામાં આવ્યા હતા, કેમ કે અડવાણી રામ મંદિર આંદોલનનો મુખ્ય ચહેરો રહ્યા છે. તેમણે રામ જન્મભૂમિ આંદોલન માટે ગુજરાતના સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા કાઢી હતી.




### ભારતના વિકાસમાં લાલકૃષ્ણ અડવાણીનું યોગદાન અવિસ્મરણીય છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે એક્સ (અગાઉ ટ્વિટર) પર લખ્યું હતું કે, મને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે લાલકૃષ્ણ અડવાણીજીને ભારત રત્નથી સન્માનીત કરવામાં આવશે. મેં તેમની સાથે વાત કરી અને તેમને આ સન્માન મળવા બદલ અભિનંદન પાઠવ્યા. તેઓ આપણા સમયના સૌથી આદરણીય રાજનેતાઓમાંના એક છે અને ભારતના વિકાસમાં તેમનું યોગદાન અમૂલ્ય છે. તેમણે પાયાના સ્તરથી શરૂઆત કરીને નાયબ વડાપ્રધાનના પદ સુધી રાષ્ટ્રની સેવા કરી છે. તેમણે પોતાને આપણા ગૃહ પ્રધાન અને I&B પ્રધાન તરીકે અલગ પાડ્યા હતા. તેમના સંસદીય હસ્તક્ષેપ હંમેશા અનુકરણીય રહ્યા છે, સમૃદ્ધ આંતરદ્રષ્ટીથી ભરેલા છે. તાજેતરમાં જ બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી રહી ચૂકેલા દિવંગત કર્પૂરી ઠાકુરને પણ ભારત રત્નથી સન્માનીત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. મોદી સરકાર દ્વારા જનનાયક કર્પૂરી ઠાકુરની જન્મજયંતિના એક દિવસ પહેલા જ તેમને દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન એનાયત કરવાની જાહેરાત કરી હતી. ઠાકુર એક મજબૂત સમાજવાદી નેતા હતા જેઓ બે વખત બિહારના મુખ્યમંત્રી રહ્યા હતા. તેમને ગરીબોના મસીહા માનવામાં આવે છે. તેઓ અનામતના પ્રખર હિમાયતી હતા. તેઓ બે વખત બિહારના મુખ્યમંત્રી રહ્યા પરંતુ તેમનો કુલ કાર્યકાળ માત્ર અઢી વર્ષનો હતો.

ભાજપના નેતા અડવાણીને ભારત રત્ન મળતા ખુશ

# હું અત્યંત નમ્રતા અને કૃતજ્ઞતાથી આ સમ્માનનો સ્વીકાર કરૂ છું

## આ મારા માટે માત્ર એક વ્યક્તિ તરીકે સન્માન નથી પરંતુ તે આદર્શો અને સિદ્ધાંતો માટે પણ સન્માન છે : અડવાણી

। નવી દિલ્હી, તા.૩ ।

અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે. રામલલા અહીં બિરાજમાન થઈ ચૂક્યા છે. હવે મંદિર આંદોલનના સૌથી મોટો ચહેરો, ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને આ એલાન કર્યું હતું. હવે ૯૬ વર્ષીય અડવાણીએ આ એલાન બાદ પ્રથમ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યુ કે, હું અત્યંત નમ્રતા અન કૃતજ્ઞતાથી આ સમ્માનનો સ્વીકાર કરુ છું. તેમણે કહ્યુ કે, આ મારા માટે ગર્વની ક્ષણ છે.

ભારત રત્નના એલાન બાદ ૯૬ વર્ષીય લાલકૃષ્ણ અડવાણીએ કહ્યું કે, હું આ સન્માનને અત્યંત નમ્રતા અને કૃતજ્ઞતાથી સ્વીકાર કરું છું. તેમણે કહ્યું કે, આ મારા માટે માત્ર એક વ્યક્તિ તરીકે સન્માન નથી પરંતુ તે આદર્શો અને સિદ્ધાંતો માટે પણ સન્માન છે જેની મેં મારી સંપૂર્ણ ક્ષમતા સાથે જીવનભર સેવા કરી છે. તેમણે કહ્યુ કે આદર્શ વાક્ય 'ઈદમ્ ન મમ'- 'આ જીવન મારૂં નથી, તે મારા રાષ્ટ્ર માટે છે' એ મને પ્રેરણા આપી છે. તેમણે કહ્યું કે, આજે હું બે લોકો (પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને અટલ બિહારી વાજપેયી)ને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરું છુ જેમની સાથે મેં કામ કર્યુ છે. આ સાથે જ તેમણે આ સન્માન માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પીએમ મોદીનો પણ આભાર વ્યક્ત કર્યો છે. તેમણે તેમના પરિવારના તમામ સભ્યો અને તેમની સ્વર્ગસ્થ પત્ની કમલા પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. ભારત રત્નના એલાન બાદ લાલ કૃષ્ણ અડવાણીએ લોકો અને મીડિયા પર્સનનું પોતાના ઘરેથી અભિવાદન ઝીલ્યુ હતું. આ દરમિયાન તેમની પુત્રી પ્રતિભા અડવાણી પણ તેમની સાથે નજર આવ્યા હતા.

### અડવાણી વિભાજન પહેલા જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા હતા

લાલકૃષ્ણ અડવાણીની પુત્રી પ્રતિભાએ તેમને મીઠાઈ ખવડાવીને તેમનું મોં મીઠુ કરાવ્યું હતું અને તેમને ગળે લગાવીને અભિનંદન પણ પાઠવ્યા હતા. લાલકૃષ્ણ અડવાણીનો જન્મ પાકિસ્તાનના કરાચીમાં ૮ નવેમ્બર ૧૯૨૭ના રોજ એક હિંદુ સિંધી પરિવારમાં થયો હતો. અડવાણીએ પ્રારંભિક શિક્ષણ કરાચીની સેન્ટ પેટ્રિક હાઈસ્કૂલમાંથી મેળવ્યું હતું.

એક દિવસ પહેલાં અમિત શાહ સાથે મુલાકાત કરી હતી

# પંજાબના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિતે આખરે રાજીનામું આપ્યું

। (એજન્સી) ચંદીગઢ, તા.૩ ।

પંજાબની ભગવંત માન સરકાર સાથે તણાવ વચ્ચે પંજાબના રાજ્યપાલ બનવારી લાલ પુરોહિતે રાજીનામુ આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મોકલી આપ્યું છે. પત્રમાં તેમણે કહ્યું છે, કે તેઓ કેટલાક અંગત કારણોસર અને પ્રતિબદ્ધતાઓને કારણે રાજીનામું આપી રહ્યા છે. રાજ્યપાલે કહ્યું કે હું પંજાબના રાજ્યપાલ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢના પ્રશાસકના પદ પરથી રાજીનામુ આપી રહ્યો છું. તેમણે એક દિવસ પહેલા જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. પંજાબની ભગવંત માન સરકાર અને રાજ્યપાલ વચ્ચે ઘણી બાબતો પર મતભેદ ચાલી રહ્યા હતા. માન સરકાર રાજ્યપાલ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટ પણ પહોંચી હતી. બે દિવસ પહેલા પણ સીએમ માને



રાજ્યપાલ પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે રાજ્યપાલ અમને હેરાન કરે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજ્યમાં ચૂંટાયેલી સરકાર છે. અહીં ઈલેક્ટેડ રાજ કરશે કે, સિલેક્ટેડ રાજ કરશે. લોકતંત્રમાં ઈલેક્ટેડ રાજ ચાલે છે. પરંતુ કેટલાક લોકોને સિલેક્ટેડ રાજ કરવાની આદત પડી ગઈ છે. ભગવંત માન ચંદીગઢમાં મેયર ચૂંટણી મુદ્દે ભાજપ પર પ્રહાર કરી રહ્યા હતા.






### અગાઉ એસટીએ ડબલડેકર બસ શરૂ કરી હતી

# અમદાવાદમાં ૩૩ વર્ષ બાદ ડબલ ડેકર બસ શરૂ થઈ

## આ ડબલ ડેકર બસ ચાર્જ થયા બાદ ૨૫૦ કિલોમીટર ચાલશે: બસને ચાર્જ થતાં દોઢ કલાકથી ૩ કલાક લાગશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદમાં ૩૩ વર્ષ બાદ આજથી ફરી એકવાર ડબલ ડેકર ઈલેક્ટ્રિક એસી બસ શરુ કરવામાં આવી છે. શહેરના મેયર પ્રતિભા જૈન સહિતના મહાનુભાવો દ્વારા આ ડબલ ડેકર ઈલેક્ટ્રિક એસી બસને ફ્લેગ ઓફ કરવામાં આવી હતી. અગાઉ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (જીએસઆરટીસી) દ્વારા સરખેજ-ગાંધીનગર-ગિફ્ટ સિટી રૂટ પર ડબલ ડેકર ઈલેક્ટ્રિક એસી બસની શરુઆત કરવામાં આવી હતી.




શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા આ ડબલ ડેકર ઈલેક્ટ્રિક એસી બસની શરૂઆત કરાઈ છે. અમદાવાદના રસ્તા પર આજથી સાત જેટલી ડબલ ડેકર ઈલેક્ટ્રિક એસી બસ દોડશે, જેમાં ૬૦ જેટલા લોકો બેસી શકશે. ઉલ્લેખનીય છે કે આજથી ૩૩ વર્ષ અગાઉ અમદાવાદમાં ડબલ ડેકર બસ દોડતી હતી. શહેરમાં ૮૦ તેમજ ૯૦ના દાયકામાં કેટલાક રૂટ પર ડબલ ડેકર બસો દોડતી હતી. અમદાવાદમાં શરુ થયેલી બસમાં યુએસબી ચાર્જ, વાઈફાઈ, રિડીગ લાઈટ અને કન્ફર્નટ સીટનો સમાવશે થાય છે. આ ડબલ ડેકર બસ ચાર્જ થયા બાદ ૨૫૦ કિમી ચાલશે. બસને ચાર્જ થતાં દોઢ કલાકથી ૩ કલાક લાગશે. હજુ ચાર દિવસ પહેલા જ અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના ટ્રાન્સપોર્ટ મેનેજર આર્જવ શાહ દ્વારા AMTS બસનું વર્ષ ૨૦૨૪-૨૫નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં સાત જેટલી ડબલ ડેકર AC બસ પ્રથમ તબક્કામાં શરુ કરવાની જાહેરાત કરી હતી. એપ્રિલ-મહિના સુધીમાં વધુ ૧૦થી ૧૫ એ.સી.બસ આવી જશે.




### મહેન્દ્ર પટેલે ૫૦ શાળા પાસેથી ૫ કરોડનો તોડ કર્યાનું કબુલ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

રાજ્યમાં શાળા સંચાલકો પાસેથી તોડપાણી કરનાર અને કહેવાતા આરટીઆઈ એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ નામના શખસની સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી હતી. પાંચ દિવસના રિમાન્ડમાં મહેન્દ્ર પટેલે ચોંકાવનારા ખુલાસા કર્યા છે. મહેન્દ્ર પટેલે ૫૦ જેટલી શાળાઓમાં રૂપિયા ૪થી ૫ કરોડનો તોડ કર્યાનું કબૂલ્યું છે. પાંચ દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટે મહેન્દ્ર પટેલને જ્યુડીશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે. સુરતની શાળાના સંચાલકે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરી હતી, જેના આધારે તોડકેસમાં મહેન્દ્ર પટેલની ધરપકડ કરી હતી. સીઆડી ક્રાઈમને મહેન્દ્ર પટેલ પાસેથી ૪૦૦થી વધુ ફાઈલો ઉપરાંત ૧ કરોડથી વધુની રોકડ રકમ મળી આવી હતી. તોડબાજ મહેન્દ્ર પટેલ ગાંધીનગર સેક્ટર સાતમાં રહેતો હતો. હાલ મહેન્દ્ર પટેલની સઘન પૂછપરછ ચાલી રહી છે, જેમાં તેમણે ૫ કરોડ જેટલી રકમ વસૂલી હોવાનો ખૂલાસો કર્યો છે. ઉલ્લેખનીય છે કે, મહેન્દ્ર પટેલ સુરત શાળા સંચાલક પાસેથી ૬૬ લાખ રૂપિયા પડાવી લીધા હતા. મહેન્દ્ર પટેલ શાળાની મંજૂરી વિશે આરટીઆઈ કરી માહિતી માંગ્યા પછી તોડપાણી કરતો હતો. આ ઉપરાંત શાળમાં થતાં નિયમોના ઉલ્લંઘન બદલ મંજૂરી રદ કરાવવાની ધમકી આપીને પૈસા પડાવતો હતો.

### કેરીના રસિકો માટે માઠા સમાચાર

# ફળોના રાજા કેરી માટે આ વર્ષ અતિ ભારે રહેશે

## આ વર્ષે આંબાને મોર આવવાની પ્રક્રિયા મોડી શરૂ થઈ છે, જેની સીધી અસર કેરીના બંધારણ અને ઉત્પાદન પર થઈ શકે છે

। (એજન્સી) જૂનાગઢ, તા.૩ ।

ઉનાળો આવતા જ કેસર કેરીના રસિકો કાગડોળે કેસર કેરીની રાહમાં હોય છે, ત્યારે આ વખતે વાતાવરણની પ્રતિકૂળતાને લીધે કેરીના પાકમાં ઘણો ફેરફાર જોવા મળી રહ્યો છે, જેના લીધે આ વખતે કેરીના પાકમાં ખૂબ નુકસાની જવાની ભીતિ સેવવામાં આવી રહી છે. હાલમાં આંબામાં પાકમાં જે પ્રકારના ફેરફારો થવા જોઈએ અને કેરી આવવી જોઈએ તે પ્રકારે વાતાવરણને આનુસંગિક ફેરફારો જોવા મળ્યા નથી અને હાલમાં વાતાવરણને વિરુદ્ધ ફેરફારો આંબાના પાકમાં જોવા મળ્યા છે. તેથી આ વખતે કેરી ઓછી અને મોળી આવશે તેવી શક્યતાઓ પણ વ્યક્ત થઈ રહી છે. હાલ આ સમગ્ર પરિસ્થિતિ મામલે જૂનાગઢના કૃષિ યુનિ.ના બાગાયત વિભાગના ડીન ડી.કે.વરુ દ્વારા માહિતી આપવામાં આવી હતી. વાતાવરણની જો વધુમાં વધુ અસર કોઈ પાકને થતી હોય તો તે આંબો છે. આ વર્ષે જોઈએ તે મુજબનું વાતાવરણ સર્જાયું નથી. લગભગ ૧૫ નવેમ્બર પછી ફ્લાવરીંગ આવવાની પ્રક્રિયા શરૂ થઈ જતી હોય છે. ડિસેમ્બર અને જાન્યુઆરીમાં મોટા ભાગનું ફ્લાવરિંગ આવી જતું હોય છે. આંબામાં વાતાવરણ સિવાય પણ ઘણા પરિબળો જવાબદાર હોય છે, પણ વાતાવરણ મુખ્ય ભાગ છે. જો આંબામાં કેરીનો પાક સારો આવે તેવી શક્યતા ત્યારે જ થઈ શકે જો વાતાવરણમાં ઠંડી અને ગરમીનું પ્રમાણ સમતોલ જળવાઈ રહે. રાત્રીના સમયે ૧૫ ડિગ્રી અને સવારના સમયે એટલે કે, દિવસ દરમિયાન આ તાપમાન ૨૫ ડિગ્રી સુધી રહે તો જ કેરીનો સારો પાક આવી શકે. હાલમાં વાતાવરણની વિસંગતતાને લીધે આ વર્ષે ભયંકર ફેરફારો નોંધાયા છે. હાલમાં પણ દિવસ દરમિયાન તાપમાન ૩૫ ડિગ્રી સુધી નોંધાઈ રહ્યું છે. આમ લગભગ ૨૨ ડિગ્રી સુધીનો ફેરફાર રાત્રે અને દિવસ દરમિયાન નોંધવા લીધે કેરીના પાક પર માઠી અસર વર્તાઈ રહી છે. જૂનાગઢના અમુક ગીર વિસ્તારોમાં આ પાકનું આગમન થયું છે, પણ ઋતુગત ફેરફારોની માઠી અસર તો આ પાક પણ નોંધાઈ છે.





### ઉમરગામ જીઆઇડીસી કોલોનીની ઘટનામાં કોર્ટનો ચુકાદો

# હોટ કીશ કરી દુષ્કર્મના પ્રયાસ બદલ ૩ વર્ષની કેદની સજા

। (એજન્સી) વાપી, તા.૩ ।

ઉમરગામ જીઆઈડીસી કોલોનીમાં રહેતી સગીરાને હોટ કીશ કરી અડપલા કર્યા બાદ દુષ્કર્મનો પ્રયાસ કરવાના ગુનામાં આરોપીને કોર્ટે ત્રણ વર્ષની કેદની સજા ફટકારતો ચુકાદો આપ્યો છે. કેસની વિગત એવી છે કે ઉમરગામ જીઆઈડીસી કોલોનીમાં માસીને ત્યાં રહેતી સગીરા કામિની (નામ બદલ્યું છે) ગત તા.૧૨-૮-૨૦૧૯ના રોજ ટ્યુશને ગઈ હતી. કામિની માસી કામ પર અને માસાજી બહાર ગયા હતા. કામિની ટ્યુશનેથી ઘરે આવ્યા બાદ બિલ્ડિંગમાં જ રહેતા પાડોશી પ્રેમકુમાર સુખદેવ શાહ કામિનીને તેના ઘરે બોલાવી હતી. પત્નીની ગેરહાજરીમાં કામવાસનામાં ચકચૂર પ્રેમએ કામિનીને હોટ કીશ કરી શારીરિક અડપલા કરી હવસ સંતોષવાનો પ્રયાસ કરતા જ કામિની ઘરે જતી રહી હતી. પ્રેમે કામિનીને કોઈને પણ જાણ કરશે તો મારી નાંખવાની ધમકી આપી હતી. કામિનીએ આખી બીના માસી અને માસાજીને જણાવ્યા બાદ પોલીસમાં ફરિયાદ કરાયા બાદ આરોપી પ્રેમની ધરપકડ કરાઈ હતી. પોલીસે ચાર્જશીટ દાખલ કરાયા બાદ વાપી સ્પેશિયલ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં ડીજીપી અનિલ ત્રિપાઠીએ પિડીતા, સહિત અનેકની જુબાની લઈ પુરાવા સાથે કરેલી દલીલોને કોર્ટના જજ એમ.પી.પુરોહિતે ગ્રાહ્ય રાખી આરોપી પ્રેમ શાહને દોષી ઠેરવી ત્રણ વર્ષની કેદની સજા અને રૂ.૫૦૦નો દંડ ફટકારતો મહત્ત્વનો ચુકાદો આપી આરોપીને સુરત લાજપોર જેલમાં મોકલવા હુકમ કરાયો છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગોલ્ફ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત GFI TOUR 2024નો આરંભ કરાવ્યો

## શિક્ષણ, આરોગ્ય સહિતની સેવાઓને વધુ સુદ્રઢ કરી ગામડાને ગોલ્ફ સાથે જોડવાના આશય સાથે આયોજિત ટુર ૨૫થી વધુ શહેરોમાં યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટાર્ટઅપ થી સ્પોર્ટ્સ સહિતના સેકટરમાં યુવાશક્તિથી ભારતને આગળ લઈ જવાની અપીલ કરી છે. તેમણે ખેલે તે ખીલેના ભાવ સાથે ફિટ ઈન્ડિયાનો મંત્ર આપ્યો છે. ગોલ્ફ રમત ફિટનેસ, સ્કિલ અને સ્કેલ માગી લેતી રમત છે. ત્યારે અમદાવાદના આંગણે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને અનુરૂપ થીમ સાથે GFI TOURના આયોજનને મુખ્યમંત્રીશ્રીએ રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ ગણાવી હતી. અમદાવાદના કેન્સવિલે ખાતે ગોલ્ફ ફેડરેશન દ્વારા આયોજિત GFI TOUR 2024ના આરંભ પ્રસંગે ઉપસ્થિત મેદનીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સંબોધન કરી રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્પોર્ટ્સને જીવનનો અભિન્ન હિસ્સો બનાવવાની હિમાયત કરી છે. રમત ગમતથી શારીરિક અને માનસિક વિકાસની સાથે ધૈર્ય, ચપળતા, એકાગ્રતા, સ્વચ્છતા વગેરે ગુણો વિકસે છે. રમશે ગુજરાત, જીતશે ગુજરાતના સૂત્ર સાથે અબાલ વૃદ્ધ સહુ રમત-ગમત સાથે જોડાયા છે. વડાપ્રધાનશ્રીએ ૨૦૧૦માં ખેલમહાકુંભ શરૂ કરાવીને ગુજરાતને વિશ્વસ્તરે ચમકાવ્યું છે.




કેન્સવિલે વડાપ્રધાનશ્રીની દીઘર્દ્રષ્ટિથી વિકસાવેલા સ્પોર્ટ્સ કલચર અને તેને અનુરૂપ ઈકોસિસ્ટમનું પરિણામ છે. એમ તેમણે ઉમેર્યું હતું.

વ્યવસાયની સાથે સ્પોર્ટ્સથી ગુજરાતની ઓળખ થઈ રહી હોવાનું જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજે ગુજરાતમાં સ્પોર્ટ્સ ફેસિલિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ અને સ્પોર્ટિંગ ઈવેન્ટના આયોજન માટે વિશેષ ક્ષમતા કેળવી લીધી છે. કેન્સવિલે ખાતે ગોલ્ફ રમતનું આયોજન તેનું જ ઉત્તમ ઉદાહરણ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, બે દાયકામાં ગુજરાતમાં જિલ્લા સ્તરે સ્પોર્ટ્સ સેન્ટરની સંખ્યામાં ૮ ગણો વધારો થયો છે. આજે ૨૪ અદ્યતન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નારણપુરા ખાતે ૨૨ એકરમાં વિસ્તરેલું મલ્ટી યુટીલિટી સ્પોર્ટ્સ સેન્ટર, ૨૩૩ એકરમાં વિસ્તરેલું સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એનકલેવ, દુનિયાનું સૌથી મોટું નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ વગેરે ગુજરાતની સ્પોર્ટ્સ ક્ષેત્રે અગ્રેસરતા સૂચવે છે. થોડા સમય પહેલા ગુજરાતે ખૂબ ટૂંકા સમયમાં કરેલા ૩૬મી નેશનલ ગેમ્સના દાખલરૂપ આયોજનનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ૨૦૩૬માં ઓલિમ્પિકસની યજમાની કરવા સજ્જ બન્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતે અશક્ય લાગતા સીમાચિહ્ન સર કર્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એજ્યુકેશન, ટુરિઝમ અને ટ્રેડ હેલ્થ, હોસ્પિટલીટી, સ્પોર્ટ્સ એમ દરેક ક્ષેત્રમાં ભારતે મોટી છલાંગ લગાવી છે.

સરકારી યોજનાઓ દ્વારા વિકાસનો રથ દેશના છેવાડાના માનવી સુધી પહોંચ્યો છે. વડાપ્રધાનશ્રીએ ગ્રામપંચાયતને સુશાસન માટે ગ્રાસરૂટ પિલર ગણાવ્યા છે. અહીં સરપંચ સંવાદનું આયોજન કરીને કોમ્યુનિટી એંગેજમેન્ટનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રૂરલ કોમ્યુનિટી અને લોકલ ગવર્નિંગ બોડી સાથે કોલોબ્રેશન કરીને આ રમતને કોમ્યુનિટી એમ્પાવરમેન્ટનું માધ્યમ પણ બનાવી સ્વચ્છતા, એજ્યુકેશન એન્ટરપ્રિન્યોરશીપ અને સ્પોર્ટ્સને બળ આપી શકાય. તેવું સૂચન પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું. વડાપ્રધાનશ્રીના ગ્રીનગ્રોથના વિચારને સાકાર કરતા રાજ્ય સરકાર પર્યાવરણપ્રિય વિકાસ માટે વૃક્ષારોપણ, ગ્રીનએનર્જી અને ગ્રીનમોબિલિટી માટે પ્રયાસરત છે. ત્યારે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી બાદ હવે અમૃતકાળને કર્તવ્ય કાળ બનાવવા યોગદાન આપવા મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યું.

## વિશેષ

### ૪ ફેબ્રુઆરી - વિશ્વ કેન્સર દિવસ । રસીકરણ દ્વારા સર્વાઇકલ કેન્સર અટકાવી શકાય

# વિકાસશીલ દેશોમાં ઓછી જાગૃતિ, અપૂરતી તપાસ અને સામાજિક-આર્થિક પડકારોને કારણે મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સરનું પ્રમાણ વધારે

## સર્વાઇકલ કેન્સર (Cervical Cancer) અથવા ગર્ભાશયના મુખનું કેન્સર - કારણો, લક્ષણો, નિદાનની પદ્ધતિઓ, સ્ક્રીનિંગ પદ્ધતિઓ અને સારવાર

। આલેખન- મિનેશ પટેલ (માહિતી) અમદાવાદ ।

સમગ્ર વિશ્વમાં ૪થી ફેબ્રુઆરીને વર્લ્ડ કેન્સર ડે (વિશ્વ કેન્સર દિવસ) તરીકે ઊજવવામાં આવે છે. વર્લ્ડ કેન્સર ડે નિમિત્તે વિશ્વભરમાં કેન્સર પ્રત્યે જાગૃતિ અંગે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. આ વર્ષે 'Close the care gap' (ક્લોઝ ધ કેર ગેપ) - કેન્સર અસરગ્રસ્ત વ્યક્તિઓ સામેના પડકારોને સમજીએ અને તેમની સાથેનું અંતર ઘટાડીએ - થીમ પર વિશ્વ કેન્સર દિવસની ઉજવણી થવાની છે. આજે વિશ્વભરમાં જોવા મળતા ઘણા પ્રકારના કેન્સર પૈકી સર્વાઈકલ કેન્સર વિશ્વભરમાં મહિલાઓમાં ચોથું સૌથી વધુ જોવા મળતું કેન્સર છે. સર્વાઈકલ કેન્સરને ગર્ભાશયના મુખનું કેન્સર પણ કહેવાય છે.

સર્વાઈકલ કેન્સર(Cervical Cancer) અથવા ગર્ભાશયના મુખના કેન્સરના દર્દીઓમાં આજે વૈશ્વિક સ્તરે નોંધપાત્ર રીતે વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને વિકાસશીલ દેશોમાં મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સર વધી રહ્યા છે. ભારતમાં આ બાબતે ઓછી જાગ્રતિ, અપૂરતી તપાસ અને સામાજિક-આર્થિક પડકારોને કારણે સર્વાઈકલ કેન્સર (Cervical Cancer)નો દર વધી રહ્યો છે.

ગર્ભાશયના મુખનું કેન્સર લગભગ તમામ ઉંમરની સ્ત્રીઓમાં જોવા મળે છે. તેમ છતાં સમયસર નિદાન અને યોગ્ય આરોગ્ય સંભાળ દ્વારા સર્વાઈકલ કેન્સર (Cervical Cancer)ને હરાવી શકાય છે. ચાલો જાણીએ ગર્ભાશયના મુખના કેન્સર વિશે, તેનાં કારણો, લક્ષણો, નિદાનની પદ્ધતિઓ, સ્ક્રીનિંગ પદ્ધતિઓ સહિતની તમામ બાબતો વિશે.

**ગર્ભાશયના મુખનું કેન્સર અથવા સર્વાઇકલ કેન્સર (Cervical Cancer) એટલે શું?**


સર્વાઈકલ કેન્સર એ સામાન્ય રીતે સ્ત્રીઓમાં જોવા મળતી એક ગંભીર શારીરિક પરિસ્થિતિ છે, જે ગર્ભાશયના સર્વિક્સ (ગર્ભાશયની ડોક જેવો ભાગ)ને અસર કરે છે. જ્યારે સર્વિક્સમાં અસામાન્ય કોષો અનિયંત્રિત રીતે વધે ત્યારે સર્વાઈકલ કેન્સર(Cervical Cancer) થાય છે.

**ગર્ભાશયના મુખનું કેન્સર અથવા સર્વાઇકલ કેન્સર (Cervical Cancer) થવાનાં કારણો**

સર્વાઈકલ કેન્સર થવા માટેનું પ્રાથમિક કારણ હ્યુમન પેપિલોમા વાયરસ (HPV) છે, જે સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ચેપ છે. આ ઉપરાંત, ધૂમ્રપાન, નબળી રોગપ્રતિકારક શક્તિ અને સર્વાઈકલ કેન્સરની ફેમિલી હિસ્ટ્રી પણ સર્વાઈકલ કેન્સર(Cervical Cancer) થવા માટે જવાબદાર એવાં જોખમી પરિબળો છે.

સર્વાઈકલ કેન્સર (Cervical Cancer)નાં લક્ષણો

પ્રારંભિક તબક્કામાં ઘણી વાર સર્વાઈકલ કેન્સરમાં દેખીતાં લક્ષણો જોવા મળતાં નથી. જેમ જેમ કેન્સરની ગાંઠ વધે અને ફેલાતી જાય છે તેમ તેમ સ્ત્રીઓને નીચે દર્શાવ્યા મુજબનાં લક્ષણોનો અનુભવ




થઈ શકે છે:

- અસામાન્ય સ્રાવ
- રક્તસ્રાવ
- ગુપ્તાંગના ભાગે દુખાવો
- પેલ્વિક પીડા

**સર્વાઇકલ કેન્સર/ગર્ભાશયના મુખના કેન્સર (Cervical Cancer) માટેના સારવાર વિકલ્પો**

સર્વાઈકલ કેન્સરની સારવાર ગર્ભાશયની ગાંઠ કયા તબક્કામાં છે, તેનો ફેલાવો કેટલો છે તે બાબતો સહિત દર્દીના એકંદર આરોગ્ય પર આધાર રાખે છે.

**કેટલાક સામાન્ય સારવાર વિકલ્પોમાં નીચે મુજબની પદ્ધતિઓનો સમાવેશ થાય છે:**

શસ્ત્રક્રિયાઃ શરૂઆતના તબક્કાના સર્વાઈકલ કેન્સર કે જ્યાં કેન્સર સર્વિક્સ સુધી મર્યાદિત હોય તેમાં સર્જરીની ભલામણ કરવામાં આવી શકે છે. સર્જરીનો હેતુ કેન્સરગ્રસ્ત કોષોને દૂર કરવાનો હોય છે. કેન્સરના તબક્કાના આધારે વિવિધ પ્રકારની શસ્ત્રક્રિયાઓમાંથી યોગ્ય શસ્ત્રક્રિયા નક્કી કરવામાં આવે છે, જેમ કે હિસ્ટરેકટમી (hysterectomy) (ગર્ભાશય અને સર્વિક્સને દૂર કરવી) અથવા ટ્રેચેલેક્ટોમી (trachelectomy) (સર્વિક્સ અને તેની ફરતે આવેલી પેશીઓને દૂર કરવી ).

રેડિયેશન થેરાપીઃ રેડિયેશન થેરાપીમાં કેન્સરના કોષોને દૂર કરવા માટે હાઈ એનર્જી એક્સ-રે જેવા રેડિયેશનનો ઉપયોગ કરવામાં આવે છે. રેડિયેશન થેરાપી ઉપયોગ કેન્સરની સારવાર માટે એકલા અથવા કીમોથેરાપી અથવા સર્જરી સાથે કરી શકાય છે. કેન્સરના સ્થાન અને સ્ટેજના આધારે રેડિયેશન થેરાપી આંતરિક રીતે (બ્રેકીથેરાપી) અથવા બાહ્ય રીતે (બાહ્ય બીમ રેડિયેશન) આપી શકાય છે.

કિમોથેરાપીઃ કીમોથેરાપી એ એક સારવાર પદ્ધતિ છે, જેમાં સમગ્ર શરીરમાં કેન્સરના કોષોને દૂર કરવા માટે દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ થેરાપીને એકલી કીમોથેરાપી તરીકે અથવા શસ્ત્રક્રિયા અથવા રેડિયેશન થેરાપી સાથે જોડી શકાય છે. સામાન્ય રીતે કીમોથેરાપી Intravenous (નસમાં) આપવામાં આવે છે, પરંતુ તે કેન્સરના તબક્કા અને પ્રકારના આધારે મૌખિક અથવા સ્થાનિક રીતે પણ આપી શકાય છે.

સર્વાઈકલ કેન્સર (Cervical Cancer)નું નિદાન/સ્ક્રીનિંગ અથવા નિવારણ માટેની પદ્ધતિઓ

પેપ ટેસ્ટઃ પેપ ટેસ્ટ એ એક પ્રકારનો સ્ક્રિનિંગ ટેસ્ટ છે. જેમાં સર્વિક્સ પરના અસામાન્ય કોષોને કેન્સર થાય તે પહેલાં જ શોધી કાઢવામાં આવે છે. આ ટેસ્ટ માટે સામાન્ય રીતે સ્ત્રીઓની ઉંમર ૨૧ વર્ષ જેટલી હોવી જરૂરી હોય છે. ૨૧-૬૫ વર્ષની સ્ત્રીઓ માટે સામાન્ય રીતે દર ત્રણ વર્ષે આ ટેસ્ટ કરાવવો હિતાવહ માનવામાં આવે છે.આ ટેસ્ટને પેપ સ્મીયર તરીકે પણ ઓળખવામાં આવે છે.

**HPV ટેસ્ટ :**

આ પરીક્ષણ ઉચ્ચ જોખમ ધરાવતા HPV સ્ટ્રેન્સ કે જે સર્વિક્સમાં કોષોની અસામાન્ય વૃદ્ધિનું કારણ બની શકે તેને શોધી કાઢે છે છે. HPV ટેસ્ટ ઘણીવાર ૩૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ માટે પેપ ટેસ્ટ સાથે જોડવામાં આવે છે.

એચપીવી રસીકરણઃ સર્વાઈકલ કેન્સરનું મુખ્ય કારણ હ્યુમન પેપિલોમાવાયરસ (HPV) છે. આ વાયરસની રસી HPVના વિવિધ પ્રકારો સામે રક્ષણ આપી શકે છે. ૧૧ અથવા ૧૨ વર્ષની ઉંમર બાદ આ રસીની ભલામણ કરવામાં આવે છે. સામાન્ય રીતે આ રસી ૯-૧૩ વર્ષની વય વચ્ચે આપવાની છે, પરંતુ ૨૬ વર્ષ સુધી પણ આ રસી આપી શકાય છે.

બાયોપ્સીઃ સર્વિક્સ પર અસામાન્ય કોષોનો ગ્રોથ જોવા મળે તો સર્વાઈકલ કેન્સર છે કે કેમ તે જાણવા માટે બાયોપ્સી કરવાની જરૂર પડી શકે છે.

### ભારત-ઈંગ્લેન્ડ બીજી ટેસ્ટ, બીજો દિવસ । જસપ્રીત બુમરાહે સૌથી વધુ ૬ વિકેટ લીધી છે, આના સિવાય કુલદીપ યાદવે ૩ અને અક્ષર પટેલે ૧ વિકેટ લીધી

# બુમરાહના ઝંઝાવાત : ઈંગ્લેન્ડના પ્રથમ ઈનિંગ્સમાં ૨૫૩ રન

। (એજન્સી) વિશાખાપટ્ટનમ, તા.૩ ।

પાંચ ટેસ્ટ મેચની સિરીઝની બીજી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમનો દબદબો જોવા મળી રહ્યો છે. તેવામાં ઈંગ્લેન્ડની ટીમ પહેલી ઈનિંગમાં ૨૫૩ રનના સ્કોર પર ઓલ આઉટ થઈ ગઈ હતી. આની સાથે જ ટીમ ઈન્ડિયા પહેલી ઈનિંગનાં સ્કોરની મદદથી ૧૪૩ રનથી આગળ હતી. ઈંગ્લેન્ડની ટીમ જેમ તેમ કરીને ભારતીય ટીમ સામે ફોલોઓન બચાવવામાં સફળ રહી હતી. ટીમ ઈન્ડિયા માટે ઈનિંગમાં ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે સૌથી વધુ ૬ વિકેટ લીધી છે. આના સિવાય કુલદીપ યાદવે ૩ અને અક્ષર પટેલે ૧ વિકેટ લીધી હતી. ભારતીય ટીમે પહેલી ઈનિંગમાં ૩૯૬ રન કર્યા હતા. જેના જવાબમાં પહેલી ઈનિંગમાં ઈંગ્લેન્ડની ટીમે ૨૫૩ રન કર્યા અને ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારત વિરૂદ્ધ બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની ટીમ પોતાની પહેલી ઈનિંગમાં ૨૫૩ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ ઈન્ડિયાએ પહેલી ઈનિંગમાં દબદબો બનાવી રાખ્યો હતો. જસપ્રીત



બુમરાહના નામે પણ અદભૂત રેકોર્ડ પણ નોંધાયેલા છે. તે ફાસ્ટેસ્ટ ઈન્ડિયન પેસર પણ છે જેણે ૧૫૦ વિકેટનો માર્ક પૂરો કર્યો છે. ભારતીય ક્રિકેટ ટીમથી સૌથી ઝડપી ૧૫૦ ટેસ્ટ વિકેટ લેવાની આ લિસ્ટમાં ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ નંબર-૧ રહ્યો છે. તેણે ૬૪મી ઈનિંગમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. જ્યારે તેણે પૂર્વ કેપ્ટન કપિલ દેવને પણ ઓવર ટેક કરી દીધા છે. કપિલે ૬૭ ઈનિંગમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. આની પહેલા બેન સ્ટોક્સે વનડે સ્ટાઈલમાં ગેમ રમી હતી, પરંતુ રોહિત શર્માએ તેને આઉટ કરવા માટે જસપ્રીત બુમરાહને પસંદ કર્યો હતો. બુમરાહે આ દરમિયાન શાનદાર બોલિંગ કરી કેપ્ટનને નિરાશ નહોતો કર્યો. બુમરાહે પહેલી મેચમાં શાનદાર બેટિંગ કરનાર ઓલી પોપને પણ પેવેલિયન ભેગો કર્યો હતો. પોપ આઉટ સ્વિંગર યોર્કર પર ક્લિન બોલ્ડ થઈ ગયો હતો. આના પછી બુમરાહે ટોમ હાર્ટલીની વિકેટ લીધી હતી અને પાંચ વિકેટ હોલમાં સામેલ થયો હતો. ત્યારપછી એન્ડરસનને આઉટ કરી બુમરાહે છઠ્ઠી વિકેટ પણ પોતાને નામ કરી દીધી હતી. બુમરાહ સૌથી ઓછા બોલમાં ૧૫૦ વિકેટ લેનારો બોલર પણ બની ગયો છે. તેણે ઉમેશ યાદવને પણ ઓવરટેક કરી દીધો છે. આ લિસ્ટમાં મોહમ્મદ શમી, કપિલ દેવ અને આર. અશ્વિન સામેલ છે. બુમરાહે ૬૭૮૧ બોલમાં ૧૫૦ વિકેટ લીધી છે, જ્યારે ઉમેશ યાદવે ૭૬૬૧ બોલમાં, મોહમ્મદ શમીએ ૭૭૫૫ બોલમાં અને કપિલ દેવે ૮૩૭૮ બોલમાં આ સિદ્ધિ હાંસલ કરી છે.

## જસપ્રિત બુમરાહે જો રૂટને ૧૨મી વખત આઉટ કરી વિક્રમ રચ્યો

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ સીરિઝની બીજી મેચ વિશાખાપટ્ટનમમાં રમાઈ રહી છે. આ ટેસ્ટ સીરિઝમાં ભારતીય બોલર ઈંગ્લેન્ડના સ્ટાર બેટ્સમેન જો રૂટને શાંત રાખવામાં સફળ રહ્યા છે. પ્રથમ મેચમાં ભારતીય બોલરોએ રૂટને સસ્તામાં આઉટ કર્યો હતો. જ્યારે બીજી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં ફરી એકવાર ભારતીય ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે જો રૂટને ક્રિઝ પર ટકવા દીધો ન હતો. જો રૂટ એવો બેટ્સમેન છે જે એકવાર ક્રિઝ પર ટક્યા બાદ ખતરનાક સાબિત થઈ શકે છે. પરંતુ આ ટેસ્ટ સીરિઝમાં ભારતીય બોલર તેને શાંત રાખવામાં સફળ રહ્યા છે. બીજી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં બુમરાહે રૂટને આઉટ કરીને એક શાનદાર રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. ભારત સામેની બીજી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં જો રૂટે ૧૦ બોલનો સામનો કર્યો હતો. તેણે એક ચોગ્ગાની મદદથી માત્ર ૫ રન બનાવ્યા અને બુમરાહના બોલ પર શુભમન ગિલના હાથે કેચ આઉટ થયો હતો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ ૧૨મી વખત બન્યું જ્યારે બુમરાહ જો રૂટને આઉટ કરવામાં સફળ રહ્યો હતો. આ સાથે બુમરાહે મિચેલ સ્ટાર્કને પાછળ છોડી દીધો છે. સ્ટાર્કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અત્યાર સુધી ૧૧ વખત જો રૂટને આઉટ કર્યો છે.

**ન્યૂઝ બ્રિફ**

### કેનેડામાં આતંકી નિજ્જરના ખાસ મિત્રના ઘર પર પણ ફાયરિંગ



। (એજન્સી) ઓટાવા, તા.૩ ।

ભારત અને કેનેડા વચ્ચે વિવાદનુ કારણ બનનારા ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરના ખાસ મિત્રના ઘર પર પણ ફાયરિંગ થયુ છે. આ ઘટના બાદ કેનેડાના બ્રિટિશ કોલમ્બિયા પ્રાંતની પોલીસ દોડતી થઈ ગઈ છે. ગત જૂનમાં નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. કેનેડાના પીએમ ટ્રૂડોએ તેમાં ભારતનો હાથ હોવાનો આરોપ મુકતા જ બંને દેશના સબંધોમાં કડવાશ આવી ગઈ હતી. જોકે હવિ નિજ્જરના ખાસ મિત્રને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ થયો છે. પોલીસના કહેવા પ્રમાણે નિજ્જરના મિત્ર સિમરનજીત સિંહના ઘર પર ગુરુવારે મધરાતે ફાયરિંગ થયુ હતું. બ્રિટિશ કોલંબિયા ગુરુદ્વારા કાઉન્સિલના કહેવા પ્રમાણે જે ઘર પર ફાયરિંગ થયુ તે હરદીપ સિંહ નિજ્જરના દોસ્ત સિમરનજીત સિંહનુ છે. પોલીસે પાડોશીઓના નિવેદન લીધા છે.

### પૂનમ પાંડેએ વીડિયો શેર કરી પોતે જીવિત હોવાનું જણાવ્યું



। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

પૂનમ પાંડેના અંતિમ સંસ્કારના કોઈ સમાચાર આવ્યા નથી. ન તો ઘરવાળાનું કોઈ ઠેકાણું હતું. હવે એક્ટ્રેસે એક વીડિયો શૅર કરીને સોશિયલ મીડિયા પર જાહેરાત કરી છે કે તે જીવે છે. એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા શરૂ થયેલ પૂનમ પાંડેના મૃત્યુના સમાચાર એક મિસ્ટ્રી બની ગયા હતા. પૂનમ પાંડેના મૃત્યુના સમાચાર ૨ ફેબ્રુઆરીના રોજ સવારે આવ્યા હતા. તેની મેનેજમેન્ટ ટીમે આ વાતની જાહેરાત કરી હતી એક્ટ્રેસનું મૃત્યુ થઈ ચૂક્યું છે. આનું કારણ સર્વાઈકલ કેન્સર કહેવામાં આવ્યું હતું. જો કે ત્યાર બાદ એક્ટ્રેસના અંતિમ સંસ્કારના કોઈ સમાચાર આવ્યા નથી. ન તો ઘરવાળાનું કોઈ ઠેકાણું હતું. હવે એક્ટ્રેસે એક વીડિયો શૅર કરીને સોશિયલ મીડિયા પર જાહેરાત કરી છે કે તે જીવે છે. પૂનમ પાંડેએ તેનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે. આમાં તે સંપૂર્ણ સ્વસ્થ બેઠેલી જોવા મળી રહી છે. અભિનેત્રીએ કહ્યું, હ્રહું જીવિત છું. હું સર્વાઈકલ કેન્સરથી મૃત્યુ પામી નથી. કમનસીબે, સર્વાઈકલ કેન્સર સામેની લડાઈમાં જીવ ગુમાવનાર હજારો મહિલાઓ માટે હું આવું કહી શકતી નથી. તેણી તેના વિશે કંઈ કરી શકતી ન હતી કારણ કે તેણીને કંઈ ખબર ન હતી. હું તમને અહીં જણાવવા માંગુ છું કે અન્ય કોઈપણ કેન્સરથી વિપરીત, સર્વાઈકલ કેન્સરને હરાવવા શક્ય છે.

### ઈન્કમટેક્સ રિટર્ન માટે નવુ ફોર્મ જાહેર કરવામાં આવ્યું

# કેપિટલ આવક મેળવનાર લોકોએ આટીઆર-૨ ફોર્મ ભરવું પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (સીબીડીટી) ઈક્મટેક્સ રિટર્ન માટે નવુ ફોર્મ જાહેર કરવામાં આવ્યું છે. તેના માટે સીબીડીટીએ ઈ- ગેઝેટમાં નોટિફિકેશન પણ જાહેર કરવામાં આવ્યું છે. આઈટીઆર-૨ ફોર્મ એ લોકોને ભરવાનું રહેશે, જેમણે કેપિટલ આવક મેળવી છે અને આઈટીઆર ૧ ફોર્મ ભરી શક્યા નથી. આ સિવાય આઈટીઆર-૩ ફોર્મ એ લોકોએ ભરવાનું રહેશે, જેમની પાસે ધંધા-વ્યવસાયથી આવક થઈ હોય. આ બંને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૪ નક્કી કરવામાં આવી છે. જો કરદાતાએ ઈક્મ ટેક્સ ઓડિટ કરાવવાનું છે અને તેમણે વ્યવસાયમાંથી આવક થઈ હોય, તો આઈટીઆરફાઈલ કરવાની છેલ્લી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ રહેશે.

ઈક્મ ટેક્સ ડિપાર્ટમેન્ટની વેબસાઈટ પ્રમાણે આઈટીઆર-૧ ફોર્મ ન ભરનારા વ્યક્તિઓ અથવા હિન્દુ અવિભાજિત પરિવારને આઈટીઆર-૨ ભરવાનું રહેશે. આવા વ્યક્તિ અથવા એચયુએફકે જેમની પાસે ધંધા -વ્યવસાયમાં નફા અથવા નફાની કોઈ આવક નથી. આ સાથે જેમણે કોઈ ભાગીદારી પેઢીમાંથી વ્યાજ, પગાર,બોનસ કે કમીશન તરીકે કોઈ આવક મેળવી હોય. આ ઉપરાંત અન્ય કોઈ વ્યક્તિ જેમ કે પતિ/પત્ની, સગીર બાળક વગેરેની આવકને તેમની આવક સાથે જોડવામાં આવે છે તો આવા લોકોએ આઈટીઆર-૨ ભરવાનું રહેશે. નવા નિયમો પ્રમાણે આઈટીઆર-૨ ફોર્મ ભરવા માટે લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર (એલઈઆઈ)ની વિવરણ આપવાનું રહેશે.

LEI એ ૨૦ આંકડાનો યૂનિક કોડ હોય છે. આ વૈશ્વિક નાણાકીય સિસ્ટમમાં તમારી ઓળખ કરી શકે છે. આ સાથે કોઈપણ રાજકીય પક્ષને આપવામાં આવેલા દાનની સંપૂર્ણ વિવરણ આપવાનું રહેશે, તેમજ વિકલાંગ વ્યકિતની મેડિકલ સારવારમાં થયેલા ખર્ચનું વિવરણને પણ ઓડિટ કરાવવાનું રહેશે.

### એસીબીની તપાસમાં નવા ઘટસ્ફોટ થયા

# દિલ્હી મોહલ્લા ક્લિનિકમાં ૬૫ હજારથી વધુ નકલી ટેસ્ટ થયા

## બે ખાનગી ડાયગ્નોસ્ટિક લેબ દ્વારા ૨૨ લાખ ટેસ્ટ કરાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દિલ્હીમાં કેજરીવાલ સરકાર દ્વારા સંચાલિત મહોલ્લા ક્લિનિક પર છેતરપિંડીના આરોપો વચ્ચે એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)ની તપાસમાં નવા ઘટસ્ફોટ થયા છે.

આ ક્લિનિક થયેલા નકલી લેબ ટેસ્ટ મામલે એસીબી દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં દિલ્હી સરકાર દ્વારા નિયુક્ત કરાયેલી બે ખાનગી ડાયગ્નોસ્ટિક લેબ-એન્જિલસ ડાયગ્નોસ્ટિક અને મેટ્રોપોલિસ હેલ્થકેર વચ્ચે મિલીભગત હોવાનું સામે આવ્યું છે. અહેવાલ અનુસાર, એસીબીને દિલ્હી




સરકારની મહોલ્લા ક્લિનિકમાં ભૂતિયા દર્દીઓની તપાસ કરવામાં આવી હોવાના પુરાવા મળ્યા છે.

અત્યાર સુધી દિલ્હી સરકારના આરોગ્ય વિભાગ તરફથી આ અંગે કોઈ પ્રતિક્રિયા આવી નથી, પરંતુ એસીબીના સૂત્રો પાસેથી મળેલા રિપ ોર્ટમાં નકલી ટેસ્ટ કરાવવામાં આવતા હોવાનો ફૂલપ્રૂફ કેસ સામે આવ્યો છે. એસીબીને તપાસમાં જાણવા મળ્યું છે કે ફેબ્રુઆરી ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન બે ખાનગી ડાયગ્નોસ્ટિક લેબ દ્વારા લગભગ ૨૨ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેના માટે તેમને દિલ્હી સરકારે રૂપિયા ૪.૬૩ કરોડ ચૂકવ્યા હતા. તેમાંથી ૬૫,૦૦૦થી વધુ ટેસ્ટ નકલી અથવા છેડછાડ કરવામાં આવ્યા હતા. આ દરેક ટેસ્ટ કરાવવાનો ખર્ચ ૧૦૦થી ૩૦૦ રૂપિયા સુધીનો હતો. જે લોકોના મોબાઈલ નંબર દાખલ કરવામાં આવ્યા હતા તેમાંથી ૬૩% લોકોએ ન તો કોઈ ટેસ્ટ કરાવ્યો હતો.




ઓડિશામાં સંબલપુર ખાતે વિવિધ પ્રોજેક્ટ્સના ઉદઘાટન અને શિલાન્યાસ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

**ઈન્ડિયન નેવીમાં આઈએનએસ સંધ્યાક સામેલ**

### નૌકાદળ આત્મનિર્ભર બળને સાવધાનીથી તૈયાર કરવા સમર્પિત



। (એજન્સી) વિશાખાપટ્ટનમ, તા.૩ ।

આજે વિશાખાપટ્ટનમમાં ઈન્ડિયન નેવીમાં આઈએનએસ સંધ્યાકને સામેલ કરવામાં આવ્યું છે. ઈન્ડિયન નેવીના ચીફ એડમિરલ આર હરિ કુમારે વિશાખાપટ્ટનમમાં નેવી ડોકયાર્ડ ખાતે આઈએનએસ સંધ્યાકના કમિશનિંગ સમારોહને સંબોધિત કર્યો હતો. આ દરમિયાન તેમણે કહ્યું કે, નૌકાદળ ઉભરતા ભારતની સેવામાં સંતુલિત ‘આત્મનિર્ભર બળ’ને સાવધાની પૂર્વક તૈયાર કરવા માટે સમર્પિત છે. નેવી ચીફ કુમારે કહ્યું કે, અમે ઉભરતા ભારતની સેવામાં સાવધાનીપૂર્વક એક સંતુલિત ‘આત્મનિર્ભર બળ’ તૈયાર કરી રહ્યા છીએ. આઈએનએસ સંધ્યાકના કમિશનિંગ સમારોહમાં ભાગ લેવા માટે રક્ષા મંત્રી રાજનાથ સિંહ વિશાખાપટ્ટનમ પહોંચ્યા હતા ત્યાં તેમનું નેવી ચીફે સ્વાગત કર્યું હતું. સમારોહમાં ઉપસ્થિત લોકોને સંબોધિત કરતા નેવી ચીફે કહ્યું કે, આઈએનએસ સંધ્યાકના કમિશનિંગ સમારોહ માટે રક્ષામંત્રી અમારી વચ્ચે હોવું એ સૌભાગ્યની વાત છે. તેમણે કહ્યું કે, સંધ્યાક જેનો શાબ્દિક અર્થ થાય છે ‘વિશેષ શોધ કરનાર’. હકીકતમાં ચાર અત્યાધુનિક સર્વેક્ષણ જહાજોના વિશાળ વર્ગના પ્રથમ જહાજ માટે આ યોગ્ય નામ છે.તેમણે કહ્યું કે, આ યોજના આપણી સરકાર અને નેવી દ્વારા સમુદ્રમાં કામ કરવાની શ્રેષ્ઠ જરૂરિયાતના વધતા મહત્વને ઉજાગર કરે છે. નેવી ચીફે કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે, સમુદ્રમાં નકશો અથવા ચાર્ટ કેટલો મહત્વપૂર્ણ છે. ગૂગલ મેપ અથવા સિરી જેવી કોઈ મોબાઈલ એપ્લિકેશન નથી જે આપણને આપણા ગંતવ્ય સુધી લઈ જાય. તેથી આપણે સંધાયક જેવા સર્વેક્ષણ જહાજો દ્વારા બનાવેલા ચાર્ટ અને નકશાની જરૂર છે જે માત્ર નેવીના જહાજો માટે જ નહીં પરંતુ વ્યાપારી જહાજો માટે પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે માર્ગને સંભવ અને સરળ બનાવે છે. તેમણે જણાવ્યું કે, આ જહાજોની પ્રાથમિક ભૂમિકા બંદરો અને બંદરોના સંપૂર્ણ પાયે દરિયાઈ અને ઊંડા પાણીના હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણો કરવાનું રહેશે. આ ઉપરાંત આકસ્મિક સંજોગોમાં જહાજોનો હોસ્પિટલ જહાજો તરીકે પણ ઉપયોગ કરી શકાય છે. નેવી ચીફે મિશન સાગર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિકોણનો પણ ઉલ્લેખ કર્યો હતો. સાગરનો અર્થ ક્ષેત્રમાં તમામ લોકો માટે સુરક્ષા અને વિકાસ છે. સભાને સંબોધિત કરતા તેમણે કહ્યું કે, આપણા વડાપ્રધાનના સાગરના મોટા દ્રષ્ટિકોણના અનુસંધાનમાં જહાજ મહાસાગરોમાં મિત્રો અને ભાગીદારોને હાઈડ્રોગ્રાફિક સહાય પૂરી પાડશે.

### યુએસનો આર્મી બેઝ પર હુમલો કરનારા સામે બદલો

# ઈરાક અને સિરિયામાં ૮૫ ટાર્ગેટ પર અમેરિકાએ એર સ્ટ્રાઈક કરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।

જગત જમાદાર તરીકે ઓળખાતા અમેરિકાએ આખરે પોતાના આર્મી બેઝ પર હુમલો કરનારા જૂથો સામે બદલો લેવાની શરુઆત કરી દીધી છે. ઈરાક અને સિરિયામાં ૮૫ ટાર્ગેટ પર અમેરિકાએ એર સ્ટ્રાઈક કરી છે અને જેમના પર હુમલા કરાયા છે તે જૂથો ઈરાન સમર્થિત હોવાનુ મનાય છે. રસપ્રદ વાત એ છે કે, એર સ્ટ્રાઈકમાં અમેરિકાએ પોતાના મહા વિનાશક બી-૧બી બોમ્બર વિમાનનો ઉપયોગ કર્યો છે.

આ વિમાન લાંબા અંતર સુધી મુસાફરી કરીને બોમ્બ વરસાવવા માટે જાણીતા છે. એવુ મનાય છે કે, આ એરસ્ટ્રાઈક કરવા માટે બી-૧બી બોમ્બર વિમાનોએ અમેરિકાથી ઉડાન ભરી હતી અને ઈરાક તેમજ સિરિયા સુધી પહોંચ્યા હતા. વિમાનને રશિયા સાથે ચાલી રહેલા કોલ્ડ વોર સમયે વાયુસેનામાં સામેલ કરાયુ હતુ. બી-૧બી બોમ્બર જમીનથી બહુ નજીક રહીને પણ ઉડી શકે છે અને કોઈ પણ રડાર ગાઈડેડ ડિફેન્સ સિસ્ટમને ચકમો આપવા માટે સક્ષમ છે. તેના બે વર્ઝન બન્યા છે. અગાઉનુ બી-૧ એ પ્રકારનુ વિમાન ૧૯૭૪માં પહેલી વખત ઉડ્યુ હતુ. અવાજ કરતા બે ગણી ઝડપે



ઉડવા માટે તેમજ પરમાણુ બોમ્બ તથા મિસાઈલ લોન્ચ કરવા માટે આ વિમાનને ડિઝાઈન કરવામાં આવ્યુ છે. એ પછીના વર્ઝન બી-૧બી બોમ્બરની એરફ્રેમમાં બદલાવ કરાયો છે અને તેના કારણે તેની ઝડપ ઓછી થઈ ચુકી છે પણ રડારને ચકમો આપવાની તેની ક્ષમતા વધી ગઈ છે. આ વિમાન ૪૪.૮ મીટર લાંબુ છે.તેની પાંખોની લંબાઈ ૪૨ મીટર છે. ચાર ટર્બોફેન એન્જિન તેને હવામાં ઉડવા માટે શક્તિ આપી છે. તે ૪૦૦૦૦ ફૂટની ઉંચાઈ પર અવાજ કરતા વધારે ઝડપથી આગળ વધી શકે છે. જોકે તેની સામાન્ય ઉંચાઈ પરની ઝડપ અવાજ કરતા ઓછી છે. બી-૧બી બોમ્બર આઠ ક્રુઝ મિસાઈલ અને ૨૪ પરમાણુ બોમ્બ લઈ જવા માટે સક્ષમ છે. તે ૧૬૮૦૦ કિલો હથિયારો સાથે નોન સ્ટોપ ૭૪૦૦ કિલોમીટરની મુસાફરી કરી શકે છે.

### દેશના અનેક રાજ્યોમાં ઉપમુખ્યમંત્રીની પ્રથા

# ડેપ્યુટી સીએમને કેબિનેટ મંત્રી જેટલું જ સમાન વેતન અને સુવિધા મળે છે

## દેશમાં બિહાર સિવાય અન્ય ૧૩ રાજ્યોમાં ઉપમુખ્યમંત્રી છે, સૌથી વધારે સંખ્યા આંધ્રપ્રદેશમાં પાંચ ઉપમુખ્યમંત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

નીતીશકુમારે જ્યારે ફરી ભાજપા સાથે હાથ મિલાવ્યો અને ૨૮ જાન્યુઆરીએ નવમીવાર બિહારના મુખ્યમંત્રી બન્યા, અને તેમની સાથે બે નેતાઓને ડેપ્યુટી સીએમ (નાયબ મુખ્યમંત્રી/ઉપમુખ્યમંત્રી )ના પદ પર શપથ ગ્રહણ કર્યા. ઉપમુખ્યમંત્રીની નિમણૂક ભારતીય રાજનીતિમાં લાંબા સમયથી ચાલી આવતી વિશેષતા રહી છે.

આ એક રાજકીય કરારનું પ્રતિનિધિત્વ કરે છે જે મોટાભાગે ગઠબંધન સરકાર પછી હોય છે. છેલ્લા કેટલાક વર્ષોથી આ સિસ્ટમ જોવા મળી રહી છે. નવેમ્બરમાં જે પાંચ રાજ્યોની ચૂંટણી થઈ હતી તેમાથી મધ્યપ્રદેશ, રાજસ્થાન, તેલંગાના અને છત્તીસગઢ માં વર્તમાન સમયમાં ઉપમુખ્યમંત્રી છે. તમિલનાડુ અને કેરળને બાદ કરતાં દરેક રાજ્યોમાં આ પ્રથા છે. ભારતના બંધારણની કલમ ૧૬૩(૧) માં કહેવામાં આવ્યું છે કે, “રાજ્યપ ાલને તેમના કાર્યોના અમલીકરણમાં મદદ કરવા અને સલાહ આપવા માટે મુખ્યમંત્રીના નેતૃત્વમાં એક મંત્રીમંડળ



હશે.” કલમ ૧૬૩ અને કલમ ૧૬૪ (મંત્રીઓના સંબંધમાં અન્ય નિયમો )માં ક્યાંય ઉપમુખ્યમંત્રીનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

જ્યારે કલમ ૧૬૪ ની પેટા કલમ (૧) માં બતાવવામાં આવ્યું છે કે “મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ દ્વારા જ કરવામાં આવશે અને અન્ય મંત્રીઓની નિમણૂક રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની સલાહ પર કરવામાં આવશે.” ઉપમુખ્યમંત્રીના પદને કેબિનેટ મંત્રી સમકક્ષ ગણવામાં આવ્યા છે. ડેપ્યુટી સીએમને કેબિનેટ મંત્રી જેટલું જ સમાન વેતન અને સુવિધાઓ આપવામાં આવે છે. દેશમાં બિહાર સિવાય અન્ય ૧૩ રાજ્યોમાં હાલ ઉપમુખ્યમંત્રી છે.

## તંત્રી લેખ...

# અમેરિકાએ ઈરાક અને સીરિયામાં ૭ સ્થળોએ ૮૫ ટાર્ગેટ પર હવાઈ હુમલા કર્યા

અમેરિકાએ જોર્ડનમાં બેઝ પર થયેલા હુમલાનો બદલો લેવાનું શરૂ કરી દીધું છે. યુ.એસ.એ શુક્રવારે ઈરાક અને સીરિયામાં ઈરાની દળો અને ઈરાન સમર્થિત આતંકવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા ૮૫ લક્ષ્યો પર હુમલા કર્યા હતા. ગયા અઠવાડિયે જોર્ડનમાં થયેલા હવાઈ હુમલામાં ત્રણ અમેરિકન સૈનિકોના મોતના જવાબમાં આ હુમલો કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા જ્હોન કિર્બીએ પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકી સૈન્ય દળોએ પ્રદેશમાં અમેરિકી કર્મચારીઓ પર હુમલા સાથે જોડાયેલી સાત ફેસિલિટીને નિશાન બનાવ્યા છે. આ સુવિધાઓમાં કંટ્રોલ ઓપરેશન્સ, ઈન્ટેલિજન્સ સેન્ટર્સ, રોકેટ, મિસાઈલ અને ડ્રોન સ્ટોરેજનો સમાવેશ થાય છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું કે, અમારો જવાબ આજે શરૂ થયો. આ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે અને અમે તેનું સ્થળ અને સમય નક્કી કરીશું. રાષ્ટ્રપતિ બાઈડને એક નિવેદનમાં કહ્યું કે, યુએસ મધ્ય પૂર્વ અથવા વિશ્વમાં ક્યાંય પણ સંઘર્ષ ઈચ્છતું નથી. પરંતુ જેઓ અમને નુકસાન પહોંચાડવા માંગે છે તેઓએ જાણવું જોઈએ કે જો તમે કોઈપણ અમેરિકનને નુકસાન પહોંચાડશો તો અમે તેનો જવાબ આપીશું. સીરિયાના સરકારી ટેલિવિઝન અનુસાર, હુમલામાં લોકો માર્યા ગયા અને ઘાયલ થયાના અહેવાલ છે. પરંતુ તેમની ચોક્કસ સંખ્યા જાહેર કરવામાં આવી નથી. કિર્બીએ જણાવ્યું હતું કે યુ.એસ.ને ખબર નથી કે કેટલા આતંકવાદીઓ માર્યા ગયા છે અથવા ઘાયલ થયા છે, પરંતુ જણાવ્યું હતું કે નાગરિક જાનહાનિ ટાળવા માટે લક્ષ્યોની પસંદગી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે અમેરિકન સૈનિકો પર હુમલો કરતા આ લક્ષ્યો અંગે અમારી પાસે મજબૂત પુરાવા છે. લેફ્ટનન્ટ જનરલ ડગ્લાસ એ. સિમ્સૈંએ કહ્યું કે યુએસએ એ જાણીને હુમલો કર્યો કે આ સાઈટ્સનો ઉપયોગ ઈરાન સમર્થિત મિલિશિયા અને ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા કરવામાં આવે છે. તેમણે કહ્યું કે 'અમેરિકાએ હુમલામાં ૧૨૫થી વધુ હથિયારોનો ઉપયોગ કર્યો છે. તે બધા સચોટ હુમલા કરનારા હતા. ઈરાકી સેનાના પ્રવક્તા યાહ્યા રસુલ અબ્દુલ્લાએ તેની સરહદની અંદર ઈરાન સમર્થિત આતંકવાદીઓ સામેના હવાઈ હુમલાની નિંદા કરી હતી. આ હુમલાને ઈરાકી સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું છે. આ સાથે ઈરાન અને સમગ્ર ક્ષેત્રમાં અસ્થિરતાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એક અહેવાલ મુજબ શુક્રવારે ઈરાક અને સીરિયા પર હુમલો કરનારા અમેરિકન વિમાનોમાં બી-૧ બોમ્બર પણ સામેલ હતા. B-1 બોમ્બર એક વિશાળ લાંબા અંતરનું વિમાન છે, જે દુશ્મનો પર ચોકસાઈ અને બિન-ચોકસાઈવાળા શસ્ત્રો છોડી શકે છે. શુક્રવારે પત્રકારોને જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સથી ઉડેલા બોમ્બર્સના જૂથે નોન-સ્ટોપ ફ્લાઈટ ઉડાવી હતી.

## મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષતામાં તાલુકા (કોટડા સાંગાણી, લોધીકા, રાજકોટ તાલુકા ગ્રામ્ય) અને શહેર ફરિયાદ સંકલન સમિતિની બેઠક યોજાઇ

**પદાધિકારીઓ દ્વારા વિવિધ પ્રશ્નો રજૂ કરાયાઃ અધિકારીઓને નિરાકરણની સૂચના આપતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા**



। (માહિતી) રાજકોટ ।

રાજકોટ તા. ૩ ફેબ્રુઆરી- રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને રાજકોટ સર્કિટ હાઉસ ખાતે તાલુકા(કોટડા સાંગાણી, લોધીકા, રાજકોટ તાલુકા ગ્રામ્ય) અને શહેર ફરિયાદ સંકલનની સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં મંત્રીશ્રીના મત વિસ્તાર એવા રાજકોટ જિલ્લાનાં કોટડા સાંગાણી, લોધિકા, અને રાજકોટ (ગ્રામ્ય) તાલુકાના તેમજ રાજકોટ શહેરના પદાધિકારીશ્રીઓએ સૌની યોજનાના પાઈપલાઈનની વ્યવસ્થા કરાવવા, વાસ્મો યોજના, સિંચાઇ માટે નવા ડેમો બનાવવા તથા ડેમ રિપેરિંગ અને સર્વે કરાવવા, ઔદ્યોગિક વિસ્તાર અને રહેણાંક વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાઓ નિવારવા, મેટોડા જીઆઈડીસીમાં ઘન કચરાનો નિકાલની વ્યવસ્થા માટે ટીપર વાન ફાળવવા, તાલુકાના ગામોના અને શહેરના વિવિધ વિસ્તારોમાં થતા દબાણ દૂર કરવા, સ્ટ્રીટ લાઈટ, વીજળી, ગામોને જોડતા પુલો, રોડની મરામત કરાવવા સહિતના વિવિધ યોજનાઓ અને સેવાઓને લગતા પ્રશ્નો અંગે રજૂઆત કરાઈ હતી. આ તમામ પ્રશ્નોના નિરાકરણ લાવવા મંત્રીશ્રી, કલેકટરશ્રી, મ્યું.કમિશનરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, મેયરશ્રી નયનાબેન પેઢડિયા, દંડકશ્રી મનીષભાઈ રાડિયા, અગ્રણી સર્વેશ્રી મુકેશભાઈ દોશી, જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશી, આર.એમ.સી. કમિશનરશ્રી આનંદ પટેલ, જે.સી.પી. શ્રી વિધિ ચૌધરી, નિવાસી અધિક કલેકટરશ્રી ચેતન ગાંધી, પોલીસ અધિક્ષક શ્રી જયપ ાલસિંહ રાઠોડ, ડી.એફ.ઓ.શ્રી તુષાર પટેલ, ડે. કમિશનર શ્રી સ્વપનીલ ખરે, પ્રાંત અધિકારીશ્રી ચાંદની પરમાર, મુખ્ય કારોબારી અધિકારીશ્રી જી.વી. મિયાણી, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી રાજેશ શ્રી વાંગવાણી, ડે. ડી. ડી. ઓ. શ્રી ઈલાબેન ગોહિલ, આઈ.સી.ડી.એસ.પ્રોગ્રામ ઓફિસર શ્રી સાવિત્રી નાથજી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારી શ્રી કે.વી.મોરી, અનુસૂચિત જાતિના નાયબ નિયામક શ્રી આનંદબા ખાચર સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ, નગરસેવકો, પદાધીકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બુદ્ધિને સાત્વિક બનાવવા ગાયત્રી ને બ્રાહ્મી, વૈષ્ણવી અને શાંભવી સ્વરૂપમાં દર્શાવવામાં આવી છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



હે ઈશ્વર.

આજે આપણે જોઈએ છીએ કે ચારથી વધુ વ્યક્તિઓ ભેગા થાય તો કહેતા સંભળાય કે લોકો ધર્મ નું આચરણ કરતાં નથી એટલે સમાજમાં શાંતિ નથી અથવા તો આટલાં ક્રાઈમ થાય છે. પણ આજે સમાજમાં જેટલા ધાર્મિક કાર્ય થાય છે, એટલાં કદાચ પહેલાં લગભગ થતાં નહીં હોય. તાજેતરનો જ દાખલો જોઈએ તો રામ મંદિર બનાવવા માટે અધધધધ.. દાન આવ્યું એવી જ રીતે સામાજિક કાર્ય કરતી સંસ્થાઓ માં પણ અઢળક દાન આવે છે. એનાથી એકવાત નક્કી થાય છે લોકો કર્મ તો કરે જ છે!; પણ એ કર્મ પાછળનો મર્મ કરવું પડે છે માટે કરે છે એવો હોય છે! કોઈ લાગણી કે સંવેદનાનો પ્રબળ ભાવ હોતો નથી, અને એને કારણે કરેલા કર્મ નું ફળ આપણને શાંત કરી શકતું નથી! પણ તેનાથી માત્ર આપણાં સુખ સગવડ વધે છે. માનવી સ્થૂળ શરીરથી તો માત્ર ક્રિયા કરી શકે, પરંતુ આ સ્થૂળ શરીરને ચલાવવા માટે તેને બુદ્ધિ તત્વની જરૂરત પડે છે, અને બુદ્ધિના ઘણા સ્વરૂપો છે, જેને કારણે તે સજ્જન પણ બની શકે, અને દુર્જન પણ કહેવાય શકે, જો બુદ્ધિમાં સાત્વિકતા વધુ હોય તો એ સજ્જન અને બુદ્ધિમાં સાત્વિકતાની બદલે તામસતા વધુ હોય તો એ દુર્જન બની શકે. જે ખેલ છે એ બધા બુદ્ધિના જ છે, એ સૌ કોઈ જાણે છે, અને એટલે જ બુદ્ધિમાં સાત્વિકતા લાવવા માટે આપણે ત્યાં સૌ મા ભગવતીનું શરણું ગ્રહણ કરતા હોય છે. તા ૧૦/૨/૨૦૨૪ થી મહા નવરાત્રી શરૂ થાય છે, અને મહા નવરાત્રી ને આપણે ગુપ્ત નવરાત્રી કહેવાય છે, એટલે આપણી બુદ્ધિ ને ગુપ્ત રીતે મધ્યસ્થ તટસ્થ અને સત્યસ્થ બનાવવા માટે આ શું કરવું જોઈએ, અથવા એને તો બુદ્ધિમાં સાત્વિકતા આવે એ માટે સૌથી સરળમાં સરળ કોઈ મંત્ર હોય તો, એ ગાયત્રી મંત્ર છે, અને એના નિયમિત જાપ કરવાથી આપણી બુદ્ધિમાં સાત્વિકતા વધે છે, એવા કેટલાય પ્રયોગો પ્રતિપાદિત કરી શકાય છે, અને એના પરિણામો પણ બહુ વ્યાપક રીતે મળે છે. બુદ્ધિમાં સાત્વિકતા આવવી એટલે શું? અથવા એ કેમ ખબર પડે? અન્યને હેરાન કરવાની બદલે એને મદદ કરવાની ઈચ્છા થાય તો સમજવું કે બુદ્ધિ સાત્વિક થવા લાગી છે, અને આવી બુદ્ધિ સાત્વિક કરનારી મા ગાયત્રી વિશે થોડું જાણીએ.

વેદમાતા ગાયત્રીની સાધના કે ઉપાસના સર્વશ્રેષ્ઠ માનવામાં આવેલ છે. ગાયત્રીની દેવી તરીકે પણ પૂજા થાય છે, અને સવિતા દેવ તરીકે પણ પ્રચલિત છે. ચારે વેદોની ઉત્પત્તિ પણ મા ગાયત્રી દ્વારા થઈ હોવાનું મનાય છે, તેથી તેને વેદમાતા પણ કહે છે. બ્રહ્માના તપથી ગાયત્રી અને સરસ્વતી પ્રકટયાં, અને વળી બંનેને બ્રહ્માની પત્નીઓ માનવામાં આવી છે. એટલે જ આ મંત્રની સાધના કરનારને જ્ઞાન વધે છે, અને મા સરસ્વતી પ્રસન્ન થતા કલા કે વિદ્યા નુ વરદાન પ્રાપ્ત થાય છે.તેમજ બ્રહ્મા સૃષ્ટિનું સર્જન કરનાર દેવ હોવાથી વિવિધ સર્જન કાર્ય પણ કરી શકે છે. ગાયત્રી મંત્રની જેણે સાધના કે ઉપાસના કરી હશે, તે સર્વને તેના અનુષ્ઠાનના નિયમોનો ખ્યાલ હશે જ, કે ગાયત્રી મંત્રની સાધના બ્રહ્મમુહૂર્તથી સૂર્યોદય સુધીના સમયમાં અને તે પછીનો થોડા જાપ સૂર્યની હાજરીમાં કરવામાં આવે છે. અનુષ્ઠાનની ફળશ્રુતિ રૂપે ઉગતા સૂર્યની તેજસ્વિતા કપાળે અંકિત થાય છે, અને લલાટમાં સમજણનું ત્રીજું નેત્ર ખુલે છે. દેવી ભાગવતમાં ગાયત્રીની ત્રણ શકિતઓને બ્રહમી, વૈષ્ણવી અને શાંભવી, સ્વરૂપમાં દર્શાવવામાં આવી છે. સવારના સમયે કુમારી (બ્રાહ્મી) સ્વરૂપે હોય છે. માતા ગાયત્રી પણ ભગવાન શંકરની જેમ પંચમુખ ધરાવે છે. એમાં ગાયત્રીનું વાહન હંસ હોય છે અને પાંચમુખ તેમજ બે હાથ હોય છે. બપોરના સમયે યુવતી વૈષ્ણવીનું સ્વરૂપ માનવામાં આવ્યું છે, આ રૂપમાં તેઓ ગરુડ પર બેઠાં હોય છે, અને ત્યારે તેમને એક મોં અને ચાર હાથ હોય છે. સંધ્યા સમયે પ્રૌઢાના સ્વરૂપમાં રુદ્રાણી કે શાંભવી હોય છે,ત્યારે તેઓનું વાહન બળદ હોય છે.એ વખતે તેમને એક મોં અને ચાર હાથ હોય છે. આમ અંબાજીમાં ને બહુચરાજીમાં પણ આપણે જોયું હતું કે શરીરની ત્રણ મુખ્ય અવસ્થા પ્રમાણેનાં રૂપ સ્વરૂપની પૂજા અર્ચના કરવામાં આવે છે.

શાસ્ત્રોના કહેવા પ્રમાણે એકવાર ભગવાન બ્રહ્માં એક યજ્ઞમાં ગયા હતા. આ યજ્ઞમાં પત્નીનું સાથે બેસવું જરૂરી હતું.પરંતુ ભગવાન બ્રહ્માંની પત્ની સાવિત્રી તેમની સાથે કોઈ કારણ ને લીધે આવી ન હતી. યજ્ઞમાં હાજરી આપવા માટે બ્રહ્માંજી એ દેવી ગાયત્રી સાથે લગ્ન કરી લીધા,અને તેની સાથે તે યજ્ઞમાં હાજર રહ્યા.માતા ગાયત્રી આ રીતે બ્રહ્માના પત્ની બન્યા. ભારતનાં મધ્યપ્રદેશ ખાતે ગાયત્રી માતાનું એક રહસ્યમય મંદિર છે, જેમાં ગાયત્રીની મૂર્તિ પાણીમાં તરે છે, અને તેને કારણે વિવિધ અટકળો કરવામાં આવે છે. છતાં તે મૂર્તિ ક્યારે સ્થાપિત થઈ, અને કોણે કરી એ રહસ્ય અકબંધ છે. ભગવાન નૃસિંહના પ્રસિદ્ધ મંદિરમાં નૃસિંહની મૂર્તિ પણ પાણીમાં તરે છે, અને માતા ગાયત્રીની મૂર્તિ પણ પાણીમાં તરતી હોય તેવું દ્રશ્ય અહીં મંદિરમાં છે. દેવ કે દેવીના ત્રણ મુખ, અથવા ચાર ભુજા વાળી મૂર્તિ હોય, તે સામાન્ય વાત છે. પ રંતુ આ એક પહેલી મૂર્તિ છે. જેના ત્રણ પગ છે. આ મંદિરનાં પુજારીનાં મત અનુસાર ત્રણ પગ વાળી મુર્તિ આ મંદિર સિવાય કોઈ પણ મંદિરમાં નથી. ગાયત્રીમાની આ મૂર્તિને ત્રિપદા ગાયત્રી કહેવામાં આવે છે, અને આ મંદિરમાં માંગવામાં આવેલી બધી કામના પૂર્ણ થાય છે.


પુરા ભારત તથા ગુજરાતમાં મોટી સંખ્યામાં ગાયત્રી મંદિર આવેલા છે, અને ગાયત્રી મંત્રનો ખૂબ જ બહોળા પ્રમાણમાં તેનો જાપ થાય છે. ગાયત્રી મંત્રના જાપથી સદબુદ્ધિ આવે છે, અને બુદ્ધિ ત્રણે સ્તરે ગતિ કરે છે. આજથી લગભગ ૪૦થી ૪૫ વર્ષ પહેલા મારા પૂજ્ય અને શ્રદ્ધેય સર્વ સમર્થ સદગુરુ ભગવાન શ્રી પંડિત રામ શર્મા આચાર્ય એ યુગ નિર્માણ માટે વિચાર ક્રાંતિ અભિયાન શરૂ કર્યું, અને આ બધાં ગાયત્રી શક્તિપીઠ મંદિરોમાં જોરશોરથી આવી પ્રવૃત્તિ ચાલે છે.તેનુ મુખ્ય મથક હરિદ્વાર ખાતે શાંતિકુંજ છે.અહી લોકો સાધના માટે, કે રોગ ઉપચાર માટે પણ આવે છે. વ્હેલી પ્રભાતે એટલે કે બ્રહ્મ મુહૂર્તમાં ધ્યાન કરવા માટે અલગ ખંડની રચના છે, ગર્ભ સંસ્કાર માટે પણ વિધિ છે, અને આર્યુવેદની દવાનું વિતરણ તથા અગરબત્તી વગેરેનો ગૃહ ઉદ્યોગ પણ ચાલે છે,મંત્ર લેખન ઉપરાંત સદગુરુદેવની નાની મોટી પુસ્તિકાનું વિતરણ પણ થાય છે. આજનું ચિંતનનો આ લેખ લખનારના એ સદગુરુ દેવ છે, અને આ નિરંતર વહેતો પ્રવાહ એની કૃપાનો પ્રતાપ છે. લોકો ગાયત્રી મંત્ર, ઉપરાંત ગાયત્રી ચાલીસા અને ગાયત્રી શતકના પણ નિયમિત પાઠ કરે છે, અને ગાયત્રી મંત્ર લેખન માટે બુક વિતરણ પણ થાય છે. મા જગતજનનીનું ગમે તે સ્વરૂપ હોય, પણ તેનાં દર્શન માત્રથી પતિત ભાવ મીટે છે, અને પુનીત પ્રગટે છે,તેના નિત્ય સ્મરણથી જીવનમાં બળ બુદ્ધિ વધે છે, અને વિશિષ્ટ સાધના કે આરાધનાથી વિદ્યાના વરદાન પ્રાપ્ત થાય છે.આપણે સૌ પણ આ નવરાત્રી મા જગત જનનીના સાનિધ્ય ને હૈયામાં પામીએ, અને બુદ્ધિ ને મા વેદમાતા ગાયત્રીની કૃપાથી શુદ્ધ અને સાત્વિક કરી શકીએ એ રીતે એને આરાધિયે.

# ક્રિયા અને લીલામાં તફાવત છે પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



ધ્યાનમાં સંસારના કોઈ પદાર્થનું ચિંતન ન કરો, કોઈ જીવનું ધ્યાન ન કરો, કોઈ જડ વસ્તુનુંધ્યાન ન કરો, ધ્યાન કરવું હોય તો શ્રીકૃષ્ણ નું ધ્યાન કરો. અનેક જન્મથી આ મનને રખડવાની ટેવ પડી છે. ધ્યાન કરતાં મન ચંચળ બને અને સંસાર ના વિષયો દેખાય ત્યારે પરમાત્મા ના નામનું વારંવાર કીર્તન કરો. ઉચ્ચ સ્વરથી કીર્તન કરો. શ્રીકૃષ્ણ કીર્તનથી જગતનું વિસ્મરણ થાય છે.પરમાત્માના મંગલમય સ્વરૂપને નિહાળતાં નિહાળતાં તેના નામનું કીર્તન કરો.વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે.મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે.મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી. તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી. સંસારનું ચિંતન કરવાથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વરનું સતત ચિંતન કરે ત્યાં સુધી સુધરશે નહીં.

આ શરીર ગંદુ છે. આ શરીરથી ઈશ્વરને મળી શકાતું નથી. શરીરનું બીજ અપવિત્ર છે. ઠાકોરજીને તનથી મળવાનું છે. ધ્યાન વગર મનોમિલન થતું નથી.ધ્યાન કરવા થી જીવ-ઈશ્વરનું મિલન થાય છે. ધ્યાન વિના બ્રહ્મસંબંધ થતો નથી.

ધ્યાનની પરિપક્વ દશા એ જ સમાધિ છે. તે જ જીવન મુક્તિ. સમાધિ અધિક વખત ટકે એટલે જ્ઞાનીઓને જીવતાં જ મુક્તિનો આનંદ મળે છે. ભાગવત ફરી ફરી કહે છેઃ ધ્યાન કરો, જપ કરો. એકએક ચરિત્રમાં આ સિદ્ધાંત વર્ણવ્યો છે. પુનરુક્તિ એ દોષ નથી.એક સિદ્ધાંતને બરાબર બુદ્ધિમાં ઠસાવવો હોય તો તેને વારંવાર કહેવો પડે છે. ભાગવતના પ્રત્યેક સ્કંધમાં આ જપ-ધ્યાનની કથા આવશે.

જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે. જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. ભક્તિથી ભેદને દૂર કરવો એ ભક્તિનું લક્ષ્ય છે. બંનેનું લક્ષ્ય એક જ છે. માર્ગ જુદા જુદા છે. સાધનામાં ભેદ છે. ધ્યાન એક જ છે.

તેથી સગુણ-નિર્ગુણ બંનેની જરૂર છે. ઈશ્વર અરૂપ છે પણ વૈષ્ણવો જે રૂપની ભાવનાથી તન્મય બને છે તેવું સ્વરૂપ પ્રભુ ધારણ કરે છે. સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોનું ભાગવતમાં વર્ણન કર્યું છે. નિર્ગુણરૂપે પ્રભુ સર્વત્ર છે અને સગુણરૂપે મારા શ્રીકૃષ્ણ ગોલોકમાં બિરાજેલા છે. ઈષ્ટદેવમાં પૂર્ણ વિશ્વાસ રાખી જગતના જડચેતન પદાર્થોમાં પ્રભુ રહેલા છે તેવો દૃઢ વિશ્વાસ રાખો.

ક્રિયા અને લીલામાં તફાવત છે. પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા. ક્રિયા બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ, સ્વાર્થ તથા અહંકાર હોય છે. ઈશ્વરની લીલા બંધનમાંથી છોડાવે છે, કારણ ઈશ્વરને સ્વાર્થ તથા અભિમાનનો સ્પર્શ થતો નથી. જે કાર્યમાં કર્તૃત્વનું અભિમાન નથી તે લીલા કેવળ જીવોને પરમાનંદનું દાન કરવા માટે પ્રભુ લીલા કરે છે, તેથી વ્યાસજી માખણચોરી, રસ સર્વને લીલા નામથી સંબોધે છે. શ્રીકૃષ્ણ માખણની ચોરી કરે તે મિત્રો માટે, પોતા માટે નહીં. દૈવીજીનું કલ્યાણ કરવા માટે જ ભગવાન લૌકિક જીવોની જેમ લીલા કરે છે.

જગતની ઉત્પત્તિ એ લીલા છે, સ્થિતિ એ પણ લીલા છે, અને વિનાશ એ પણ લીલા છે. વિનાશમાં પણ આનંદ છે. સર્વનો દૃષ્ટા હું છું. આ 'હું'નો નાશ થતો નથી. જ્ઞાની પુરુષ તેને લીલા કહે છે. 'હું' ઈશ્વરનો અંશ છું, પણ આ 'હું'અહંકારમાં પરિણમવું ન જોઈએ. ગાંધારીને શ્રીકૃષ્ણ મળવા આવે છે ત્યારે ગાંધારી શ્રાપ આપે છે કે, મારામાં તે કોર રહેવા દીધો નહીં, તો જા, તારા વંશમાં પણ કોઈ રહેશે નહીં. શ્રીકૃષ્ણ તો શ્રાપ સાંભળી ખુશ થય છે, ને કહે કે, મા, હું વિચાર કરતો હતો કે આ બધાનો વિનાશ કેવી રીતે કરવો. સારું થયું.તમે શ્રાપ આપ્યો! પરમાત્મા તો શાંતાકાર છે અને ભુજંગ ઉપર શયન કરવાવાળા છે. લોકોને પલંગ-શયન કરવા મળે તો પણ શાંતિ નથી. એટલે લય એ પણ ભગવાનની લીલા છે. જીવને ઉત્પત્તિ અને સ્થિતિ ગમે છે, પરંતુ લય ગમતો નથી. ગાંધારી સમજી ગઈ કે લોકો આને ભગવાન કહે છે તે સાચું છે.જે પ્રભુએ બ્રહ્માજીને વેદતત્ત્વનું જ્ઞાન આપ્યું તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ,સંહાર કરતુન્હ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. આદિકવયે બ્રહ્માને જે દિવ્યજ્ઞાન નારાયણે આપ્યું છે તેને વર્ણન કરીએ છીએ.

ભગવાનના ધ્યાનમાં તન્મયતા નહીં થાય, તો સંસારનું ધ્યાન થશે. તે છોડવાનો પ્રયત્ન કરો ધ્યાનથી શરૂઆતમાં સંસાર દેખાય છે. પ્રત્યેક સાધકને એવો અનુભવ થાય છે. ઈશ્વરનું ધ્યાનન થાય તો હરકત નથીપણ સંસારને તો ધ્યાન માં લાવશો નહીં.

ઠાકોરજીના દર્શન કર્યા પછી પણ ધ્યાનની જરૂર છે.મંદિરના ઓટલા પર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં, પણ ધ્યાન કરવા માટે છે. મંદિરમાં જે સ્વરૂપ નાં દર્શન કરી હોય તે સ્વરૂપનું ઓટલા ઉપર બેસી ધ્યાન ચિંતન કરવાનું છે. પરમાત્મા નું ધ્યાન કરવાથ વિઘ્નનો નાશ થાય છે.

વ્યાસજીએ મંગલાચરણમાં લખ્યું છે કે, સત્યં પરમ ધીમહિ. સત્ય સ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરી એ છીએ.વ્યાસજીએ શ્રીકૃષ્ણ નું ધ્યાન કરું છું એમ કેમ ન લખ્યું? અને સત્ય સ્વરૂપ પરમા ત્માનું ધ્યાન કરું છું એમ કેમ લખ્યું ? શ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ લખ્યું હોય તો શિવભક્તો દત્તાત્રેયભક્તો દેવીના ભક્તો વગેરેને થાય કે ભાગવત તો શ્રીકૃષ્ણ ભક્તો માટેનો જ ગ્રંથ છે.એટલે વ્યાસજી એ કોઈનું વિશિષ્ટ રીતે નામ ન આપી ધ્યાન કરવાનું કહ્યું નથી, પણ સત્ય સ્વરૂપ પરમાત્મા નું ધ્યાન કરવાનું કહ્યું છે. જેને જે સ્વરૂપ ગમે તેનું તેણે ધ્યાન કરવું.લોકોની રુચિ જુદી જુદી હોય છે. કોઈ એક શાસ્ત્રને માને, કોઈ બીજા શાસ્ત્રને માને. બધા કો છે કે, અમારું શાસ્ત્ર શ્રેષ્ઠ છે, પરંતુ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે. જેમ બધી નદીઓનું લક્ષ્ય સભ્ય છે તેમ.તેથી પરમાત્મા શિવ,ગણેશ રામ, દત્તાત્રેય વગેરેનાં સ્વરૂપો ધરે છે.સત્ય અખંડ છે. અવિનાશી છે. અબાધિત છે. સત્યનો કદી વિનાશ થતો નથી. સત્યના સ્વરૂપમાં કાંઈ પરિવર્તન થતું. નથી. સુખ, દુઃખ, લાભ, હાનિમાં પરમેશ્વરનું સ્વરૂપ બદલાતું નથી.ગીતાજીમાં ભગવાન કહે છેકે,દુઃખ માં જેને ઉદ્વેગ નથી અને સુખમાં જેને સ્પૃહા નથીએ સ્થિત પ્રજ્ઞ,શ્રી કૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણ બતાવે છે.રામચંદ્રજી ને રાજ્યાભિષેક વખતે અને વન વાસ વખતે એક સરખો જ આનંદ છે.શ્રીકૃષ્ણને સોળ હજાર રાણી ઓ અને સોનાની દ્વારિકા,ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ.શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે, ઉદ્ધવ, આ બધું ખોટું છે.હું જ એક સાચો છું.

જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય. તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ.તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો.જગત અસત્ય છે.જગતના પદાર્થો દુઃખરૂપ છે. વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે, પણ તત્ત્વદૃષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે, માત્ર ભાસ છે, તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી. એ પોતે આનંદરૂપ છે.

### વિડીયો જોઇને હસી હસીને પેટ દુખી જશે

# ઘૂંઘટ કાઢીને શાહિદ કપૂરે આપ્યા જાતજાતના Funny એક્સપ્રેશન

### આ વિડીયોમાં શાહિદ ઘૂંઘટ ઓઢીને તુ મોટા કિતના હો ગયા ક્લિપ પર જબરજસ્ત લિપસિંગ કરતો જોવા મળી રહ્યો છે



બોલિવૂડ એક્ટર શાહિદ કપૂર અને એક્ટ્રેસ કૃતિ સેનની જોડી પહેલી વાર કોઈ ફિલ્મમાં સાથે નજરે પડવાની છે. બન્નેની રોમેન્ટિક મુવી 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં રોમાન્સ કરતા જોવા મળવાના છે. બન્નેની આ ફિલ્મ વેલેન્ટાઈન વીક ૯ ફેબ્રુઆરીના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે જેની લઈને ફેન્સ સુપર એક્સાઈટેડ છે. આ વચ્ચે હાલમાં શાહિદ કપૂરે એના ઈન્સ્ટા પર એક વિડીયો શેર કર્યો છે જેમાં એ ઘૂંઘટ કાઢીને જાતજાતના રિએક્શન આપતા જોવા મળે છે જે જોઈને તમે પણ ખડખડાટ હસી પડશો. આ વિડીયોમાં શાહિદ ઘૂંઘટ ઓઢીને તુ મોટા કિતના હો ગયા ક્લિપ પર જબરજસ્ત લિપસિંગ કરતો જોવા મળી રહ્યો છે. આ વિડીયોમાં એક્ટરના એક્સપ્રેશન ખાસ જોવા જેવા છે. એના જબરજસ્ત એક્સપ્રેશન જોઈને ફેન્સ હસવાનું રોકી શકતા નથી. આમ, તમે પણ આ વિડીયો જોઈને ખડખડાટ હસી પડશો. ફેન્સ શાહિદ કપૂરના આ વિડીયો પર જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. એક યુઝરે શાહિદ



કપૂરના આ વિડીયો પર કોમેન્ટ કરતા લખ્યુ છે કે કબીર સિંહથી કબીરા ભાભી..બીજા એ લખ્યુ છે કે આ આન્ટી મારી જીંદગીમાં દરરોજ આવે તો મને કોઈ આપત્તિ નથી. આ સિવાય એક્ટરનો આ વિડીયો સોશિયલ મિડીયામાં ધૂમ મચાવી રહ્યો છે. જો કે આ પહેલા ક્યારેય પણ શાહિદ કપૂર આવા અવતારમાં જોવા મળ્યો નથી. આ કારણે ફેન્સ આ વિડીયોને ખૂબ પસંદ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં શાહિદ-કૃતિ સિવાય બોલિવૂડની દિગ્ગજ એક્ટ્રેસ ડિમ્પલ કાપડીયા પણ અહમ ભૂમિકામાં નજરે પડશે. ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા' અમિત જોશી અને આરાધના સાહ દ્વારા લિખિત અને નિર્દેશિત છે. ફિલ્મને દિનેશ વિજન, જ્યોતિ દેશપાંડે અને લક્ષ્મણ ઉતેકરે પ્રોડયુસ કરી છે. તમને જણાવી દઈએ કે કૃતિ સેનન છેલ્લે આદિપુરુષ ફિલ્મમાં સીતા બનીને નજરે પડી હતી. આ પહેલાં મિમીમાં જોવા મળી હતી. આ ફિલ્મ માટે કૃતિને રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો હતો. જ્યારે શાહિદ કપૂરની વાત કરવામાં આવે તો છેલ્લે વેબ સિરીઝ ફર્ઝીમાં જોવા મળ્યો હતો. લોકોએ આ સિરીઝના ખૂબ વખાણ કર્યા હતા. લોકોને આ સિરીઝ ખૂબ પસંદ પડી હતી. હવે બન્નેની જોડી 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા' જોવા માટે ફેન્સ તૈયાર છે.

### અમિતાભ-ધર્મેન્દ્ર પર પણ ભારે પડ્યો ૧ ફ્લોપ સ્ટાર

# ફિલ્મ રામ તેરી ગંગા મૈલીએ રિલીઝ સાથે બોક્સ ઓફિસ પર તહેલકો મચાવી દીધો હતો

### ૧૯૮૩માં બોલિવૂડ ડેબ્યૂ કરનારા રાજીવની આ પહેલી ફિલ્મ હતી જે બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઇ હતી આ એક એક્શન ફિલ્મ હતી, જે રાહુલ રવૈલ દ્વારા ડાયરેક્ટેડ હતી



બોલિવૂડના દિગ્ગજ એક્ટર રાજ કપૂર અને તેના દીકરા રાજીવ કપૂર ભલે આજે આપણી વચ્ચે ન હોય, પરંતુ તે બંનેની યાદો આજે પણ તેમના ફેન્સના દિલોમાં જીવંત છે. રાજીવ ભલે પોતાના પિતાની જેમ એક્ટિંગમાં કંઈ ખાસ કમાલ ન બતાવી શક્યા હોય પરંતુ પોતાના કરિયરમાં તેણે બોક્સ ઓફિસ પર એક એવી ફિલ્મ આપી હતી, જે આજે પણ લોકો વચ્ચે ખૂબ જ પોપ્યુલર છે અને આ ફિલ્મનું નામ છે 'રામ તેરી ગંગા મૈલી. ફિલ્મ 'રામ તેરી ગંગા મૈલી'એ રિલીઝ સાથે બોક્સ ઓફિસ પર તહેલકો મચાવી દીધો હતો અને કમાણીના મામલે રાજીવની આ ફિલ્મ અમિતાભ બચ્ચનથી લઈને ધર્મેન્દ્ર, મિથુન ચક્રવતી અને સની દેઓલ પર પણ ભારે પડી હતી. તો ચાલો, તમને વર્ષ ૧૯૮૫ની ૫ સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મો વિશે જણાવીએ. રાજ કપૂર દ્વારા ડાયરેક્ટેડ આ ફિલ્મ વર્ષ ૧૯૮૫ની સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ બની હતી, જે રિલીઝ સાથે જ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થઈ હતી. આ એક રોમેન્ટિક ડ્રામા ફિલ્મ હતી, જેમાં મંદાકિની અને રાજીવ કપૂર લીડ રોલમાં હતાં. ૧૯૮૩માં બોલિવૂડ ડેબ્યૂ કરનારા રાજીવની આ પહેલી ફિલ્મ હતી જે બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી. અમિતાભ બચ્ચન અને અમૃતા સિંહ સ્ટારર આ ફિલ્મ વર્ષ ૧૯૮૫ની બીજી સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ બની હતી જે એક એક્શન ફિલ્મ હતી, જેનું ડાયરેક્શન મનમોહન દેસાઈએ કર્યુ હતું. આ ફિલ્મને દર્શકોનો ભરપૂર પ્રેમ મળ્યો હતો, જે રિલીઝ સાથે જ બોક્સ ઓફિસ પર છવાઈ ગઈ હતી. વિજય સદાના દ્વારા ડાયરેક્ટરે આ ફિલ્મ વર્ષ ૧૯૮૫ની ત્રીજી સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ બની હતી, જેમાં મિથુન ચક્રવર્તી સાથે પદ્મિની કોલ્હાપુરી લીડ એક્ટ્રેસ રૂપે જોવા મળી હતી. ફિલ્મમાં બિંદૂ, ડેની ડેન્ઝોંગપા અને અસરાની મહત્ત્વની ભૂમિકાઓમાં હતાં. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ તે ફિલ્મ હતી જેણે મિથુનને ઈન્ડસ્ટ્રીમાં એક નવી ઓળખ અપાવી હતી. તેની ડાન્સિંગ વાળી ઈમેજ આ ફિલ્મ બાદથી બદલાઈ ગઈ. ધર્મેન્દ્ર અને મિથુન ચક્રવર્તી સ્ટારર આ ફિલ્મ વર્ષ ૧૯૮૫થી ચોથી સૌથી વધારે કમાણી કરનારી ફિલ્મ બની હતી, જે એક એક્શન ડ્રામા ફિલ્મ હતી. આ ફિલ્મને જેપી દત્તા દ્વારા ડાયરેક્ટ કરવામાં આવી હતી અને તે તેના ડાયરેક્શનવાળી પહેલી ફિલ્મ પણ હતી.

### સ્વરા ભાસ્કરના લગ્નને એક વર્ષ થવા જઈ રહ્યું છે

# સ્વરા ભાસ્કરે જન્મદિવસ પર પતિ ફહદને ફરીથી કહ્યું ભાઈ

### સ્વરાએ એક સુંદર મોન્ટેજ પણ પોસ્ટ કર્યો છે, તમને જણાવી દઈએ કે આ પહેલા પણ તે આ કરવાથી તે ટ્રોલ થઈ ચુકી છે

સ્વરા ભાસ્કરના લગ્નને એક વર્ષ થવા જઈ રહ્યું છે. હાલમાં તે મધરહુડ એન્જોય કરી રહી છે. આજે તેના પતિ ફહદ અહમદનો જન્મદિવસ છે અને સ્વરાએ તેને વિશ કર્યું છે. સ્વરાએ ફહદને પ્રેમભર્યા મેસેજ સાથે શુભેચ્છા પાઠવી છે. લાસ્ટમાં કંઈક લખ્યું છે જેણે સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેણે મેસેજની શરૂઆત 'જાન'થી કરી છે અને અંતે તેણે 'ભાઈ' લખ્યું છે. તમને જણાવી દઈએ કે આ પહેલા પણ તે આ કરવાથી તે ટ્રોલ થઈ ચુકી છે. સ્વરાએ ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર પર ફહદનું મોન્ટેજ અપલોડ કર્યું છે. આમાં તે પતિ સાથે રોમેન્ટિક મોમેન્ટમાં જોવા મળી રહી છે. સ્વરાએ મેસેજ લખ્યો છે, હેપ્પી બર્થડે જાન. હું બહુ ખુશ છું કે તું મારી છે અને રાબુ તારી છે. ભગવાન કરે તમને હંમેશા હસવાનું કારણ મળે, એ સ્માઈલ મારો દિવસ બનાવે છે. તમારો કોન્ફિડેન્સ હંમેશા સાચો સાબિત થાય. અને હા, ભાઈનો સ્વેગ આવો જ રહે. તમને જણાવી દઈએ કે સ્વરા ભાસ્કરે લગ્ન પહેલા ફહદને તેના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. જેમાં તેણે લખ્યું હતું કે, ભાઈનો સ્વેગ આવો જ રહે. જ્યારે તેઓના લગ્ન થયા ત્યારે ઘણા લોકોએ આ સ્ક્રીનશોટ વાયરલ કરીને તેને ટ્રોલ કરી હતી. ફહદનો જન્મદિવસ ૨ ફેબ્રુઆરીએ છે અને તેના લગ્નના સમાચાર ૧૬ ફેબ્રુઆરીએ આવ્યા હતા. આ પછી જ સ્વરા ટ્રોલ થઈ હતી. તમને જણાવી દઈએ કે આ પછી જ્યારે ફહદ અહમદે સ્વરાને તેના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી ત્યારે તેણે તેમાં ભાઈ લખ્યું હતું.



### આ વર્ષે આ ટીવી સ્ટાર્સ લગ્નના બંધનમાં બંધાશે!

# હિના ખાનથી લઈને સુરભી ચાંદના સુધી ઘણી એક્ટ્રેસ બનશે દુલ્હન

### તેજસ્વી પ્રકાશ અને કરણ કુન્દ્રાની લવ સ્ટોરી પણ બિગ બોસના ઘરમાંથી શરૂ થઈ હતી, લગ્નની ચર્ચા ચાલી રહી છે



ટીવીની નાગિન સુરભી ચંદના બહુ જલ્દી લગ્ન કરવા જઈ રહી છે. એક્ટ્રેસ તેના લોન્ગ ટાઈમ બોયફ્રેન્ડ કરણ શર્મા સાથે લગ્ન કરવા જઈ રહી છે. બંને આ વર્ષે માર્ચમાં સાત ફેરા લેશે. ટીવીની સૌથી પોપ્યુલર એક્ટ્રેસમાંથી એક હિના ખાન લાંબા સમયથી રોકી જયસ્વાલને ડેટ કરી રહી છે. આ વર્ષે બંને લગ્નની ફાઈનલ ડેટ જાહેર કરી શકે છે. જસ્મીન ભસીન ઘણા સમયથી અલી ગોનીને ડેટ કરી રહી છે. રિપોર્ટ મુજબ બંને આ વર્ષે તેમના લગ્નની તારીખની જાહેરાત કરી શકે છે. તમને જણાવી દઈએ કે 'બિગ બોસ ૧૪'માં બંનેએ બધાની સામે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો. તેજસ્વી પ્રકાશ અને કરણ કુન્દ્રાની લવ સ્ટોરી પણ 'બિગ બોસ'ના ઘરમાંથી શરૂ થઈ હતી. ઘણા સમયથી બંનેના લગ્નની ચર્ચા ચાલી રહી છે. રિપોર્ટ મુજબ આ કપલ આ વર્ષે લગ્ન કરી શકે છે. 'બાલિકા વધૂ' ફેમ અવિકા ગોરે વર્ષ ૨૦૨૦માં ખુલાસો કર્યો હતો કે તે મિલિંદ ચંદવાનીને ડેટ કરી રહી છે. શક્ય છે કે તે પણ આ વર્ષે લગ્ન કરી શકે છે. 'ઉડારિયાં' ફેમ પ્રિયંકા ચાહર ચૌધરી અને અંકિત ગુપ્તા બહુ જલ્દી જ લગ્નના બંધનમાં બંધાય શકે છે. બિગ બોસના ઘરની અંદર પણ દર્શકોને બંને વચ્ચેની કેમેસ્ટ્રી પસંદ આવી હતી.

# દિલની વાત છુપાવી, વિજય દેવેરાકોંડા સાથે ડેટિંગની અફવાઓ પર રશ્મિકાએ શું કહ્યું?

### જાણો વિજય દેવરાકોંડા સાથે ડેટિંગની અફવાઓ પર અભિનેત્રીએ શું કહ્યું? તાજેતરમાં તેલુગુ ફિલ્મ સ્ટાર વિજય દેવેરાકોંડાને તેની સૌથી મોટી સપોર્ટ સિસ્ટમ ગણાવી છે



દક્ષિણના ફિલ્મ સ્ટાર્સ રશ્મિકા મંદન્ના અને વિજય દેવેરાકોંડાના લિંકઅપની અફવાઓ ખૂબ પ્રચલિત છે. ફિલ્મ સ્ટાર વિજય દેવેરાકોંડા અને રશ્મિકા મંદન્ના વચ્ચે અફેરના સમાચારો અવારનવાર જોર પકડે છે. આ બંને સ્ટાર્સે ક્યારેય આ અહેવાલોને નકારી કે સ્વીકાર્યા નથી. હા, બંને સ્ટાર્સ ચોક્કસપણે એકબીજાને તેમના સારા મિત્રો કહે છે. હવે તાજેતરમાં રશ્મિકા મંડન્નાએ તેલુગુ ફિલ્મ સ્ટાર વિજય દેવેરાકોંડા સાથેના તેના લિંકઅપ ની અફવાઓ પર પ્રતિક્રિયા આપી છે. ફિલ્મ સ્ટારે એ પણ જણાવ્યું કે વિજય દેવરાકોંડા સાથે તેનું કેવું બોન્ડિંગ છે. તેમજ અભિનેત્રીએ આ સંબંધને શું નામ આપવુ તે અંગે ખુલાસો કર્યો છે. સાઉથ ફિલ્મ અભિનેત્રી રશ્મિકા મંદન્ના આ દિવસોમાં તેની બ્લોકબસ્ટર ફિલ્મ 'એનિમલ'ને કારણે ચર્ચામાં છે. આ દરમિયાન અભિનેત્રી રશ્મિકા મંદન્ના પ્રમોશનમાં વ્યસ્ત છે. તાજેતરમાં જ અભિનેત્રી રશ્મિકા મંદન્નાએ એક ઈન્ટરવ્યુ દરમિયાન વિજય દેવરાકોંડા સાથેના તેના સંબંધો વિશે વાત કરી હતી. અભિનેત્રી રશ્મિકા મંદન્નાએ વિજય દેવેરાકોંડા સાથેના તેના સંબંધો પર કહ્યું, 'મને લાગે છે કે વિજુ અને હું સાથે મોટા થયા છીએ.' અભિનેત્રીએ કહ્યું, 'તેથી હું અત્યારે મારા જીવનમાં જે પણ કરી રહી છું તેનો તે એક ભાગ છે.' આટલું જ નહીં, અભિનેત્રી રશ્મિકા મંડન્નાએ જણાવ્યું કે કેવી રીતે વિજય દેવરાકોંડા હંમેશા તેને નિર્ણય લેવામાં માર્ગદર્શન આપીને સપોર્ટ કરે છે. રશ્મિકા મંદન્નાએ કહ્યું, 'તે મને દરેક બાબતમાં સલાહ આપે છે. અને હું તેની સલાહને માન આપું છું. જો તેને લાગે છે કે મારા માટે કંઈક સારું છે તો તે ચોક્કસપણે કહે છે. જો તેને ક્યારેય એવું લાગે કે આ વાત મારા ભલા માટે નથી તો તે આ વાત પણ કહે છે. અત્યારે મારા જીવનમાં સામેલ તમામ લોકો. તેમાંથી તેમણે મને અંગત સહયોગ આપ્યો છે. એટલા માટે મને તેમના માટે ખૂબ માન છે. અભિનેત્રીનું આ નિવેદન હાલમાં મનોરંજનના સમાચારોની દુનિયામાં જંગલની આગની જેમ વાયરલ થઈ રહ્યું છે. અભિનેત્રી રશ્મિકા મંદન્ના ઘણા રસપ્રદ પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત છે. 'એનિમલ' પછી અભિનેત્રી રશ્મિકા મંદન્ના ટૂંક સમયમાં તેલુગુ સુપરસ્ટાર અલ્લુ અર્જુન સ્ટારર ફિલ્મ 'પુષ્પા ૨'માં જોવા મળશે. આ સિવાય તે છાવા ફિલ્મમાં પણ જોવા મળશે. જેનું શૂટિંગ અભિનેત્રીએ હાલમાં જ પૂરું કર્યું છે. આ સિવાય તે ધનુષની ફિલ્મ ૬૫૧માં પણ જોવા મળશે. તેણે નિર્દેશક નીતિન અને ભીષ્મની આગામી ફિલ્મ માટે પણ હા પાડી છે.

# ડેસરમાં દરેક બાળક માટે પ્રેમાળ કુટુંબ વિષય અંગે આંગણવાડી કાર્યકરોને તાલીમબદ્ધ કરાયા




। (માહિતી બ્યૂરો) વડોદરા, તા.૩ ।

ડેસર ખાતે ''દરેક બાળક માટે પ્રેમાળ કુટુંબ'' વિષય પર કુટુંબ આધારિત અને વૈકલ્પિક સંભાળ અંતર્ગત જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા મીરેકલ ફાઉન્ડેશન દ્વારા તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

ડેસર તાલુકાને બાળ સુરક્ષા સંદર્ભે મોડેલ બનાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ સહ કલેક્ટરશ્રી, વડોદરા દ્વારા પસંદગી કરવામાં આવી છે. ડેસર તાલુકાના તમામ આંગણવાડી વર્કરો માટે બાળ કલ્યાણ તથા બાળ સુરક્ષાને લગતી કામગીરી તથા જાગૃતિ સંદર્ભે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં ડેસર તાલુકાની તમામ આંગણવાડી વર્કરો માટે બાળ સુરક્ષા, બાળ અધિકાર, બાળકો માટેની કલ્યાણકારી યોજનાઓ તથા ગ્રામ્ય બાળ સુરક્ષા સમિતિમાં આંગણવાડી વર્કરોની શુ ભૂમિકા હોઈ શકે ? તથા નશા મુક્ત ભારત અભિયાન અંતર્ગત વડોદરા જિલ્લાને નશા મુક્ત બનાવવા માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી તેજસ પટેલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી અમિત વસાવા, પ્રોટેકશન ઓફિસર બિન-સંસ્થાકીય સંભાળ જીતેન્દ્ર મહેરિયા, કાઉન્સિલર જાગૃતિબેન પટેલ તથા મીરેકલ ફાઉન્ડેશનના જયેશભાઈ મુંધવા તથા પ્રાચીબેન મહેતા હાજર રહ્યા હતા.

# ખેડા જિલ્લામાં ડુમરાલ પ્રાથમિક શાળા ખાતેથી શાળા સલામતી સપ્તાહનું ઉજવણીનો શુભ આરંભ



। (માહિતી) નડિયાદ, તા.૩ ।

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ તથા શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય દ્વારા શાળા સલામતી સપ્તાહ ૨૦૨૪ની ઉજવણી આખા ગુજરાત રાજ્યમાં તારીખ ૨૯-૦૧-૨૪ થી ૦૩-૦૨-૨૪ દરમિયાન કરવામાં આવી. ખેડા જિલ્લામાં ડુમરાલ પ્રાથમિક શાળા ખાતેથી શાળા સલામતી સપ્તાહનું ઉજવણીનો શુભ આરંભ કરવામાં આવ્યો તથા જિલ્લામાં પસંદ કરેલ ૬૦ શાળામાં અલગ અલગ જેવી કે ભૂકંપ વાવાઝોડું પુર આપત્તિ જેવા વિષયો પર જિલ્લામાં કાર્યરત વિવિધ એજન્સી જેવી કે જિલ્લાની તમામ નગરપાલિકા તેમજ ૧૦૮, ૧૮૧, આરટીઓ તથા મુક્તજીવન ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકેડેમી દ્વારા માર્ગદર્શન તથા તાલીમ આપવામાં આવી તેમજ અનેક આપત્તિ વિષયો પર ડેમન્સ્ટ્રેશન પણ કરવામાં આવ્યા.

# મહીસાગર જિલ્લાના દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કુત્રિમ અવયવો અને કેલિપર્સ માટેનો નિઃશુલ્ક કેમ્પ યોજાશે

। (માહિતી બ્યૂરો) મહીસાગર, તા.૩ ।

એસ. આર. ટ્રસ્ટ ભારતીય કુત્રિમ અંગ નિર્માણ નિગમ(એલીમ્કો) ની અધિકૃત ફેબ્રિકેટીંગ એજન્સી, રતલામ, મધ્ય પ્રદેશ તથા જિલ્લા વહીવટીતંત્ર મહીસાગરના ઉપક્રમે મહીસાગર જિલ્લાના દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કુત્રિમ અવયવો અને કેલિપર્સ માટે એસેસમેન્ટ કરીને કેમ્પના સ્થળે જ વિનામૂલ્યે પૂરા પાડવા અંગે કેમ્પનું આઓજન તા.૧૫/૦૨/૨૦૨૪ થી ૨૦/૦૨/૨૦૨૪ દરમ્યાન સવારના ૧૧.૦૦ કલાકેથી સાંજના ૦૪.૦૦ કલાક સુધી કરવામાં આવશે. આ કેમ્પ લુણાવાડા તાલુકામાં પી. એન. પંડયા કોલેજ ગ્રાઉન્ડ ખાતે તા. ૧૫-૦૨-૨૦૨૪, સંતરામપુર તાલુકામાં નગરપાલિકા હોલ ખાતે તા. ૧૬-૦૨-૨૦૨૪, કડાણા તાલુકામાં બી. આર. સી. ભવન ખાતે તા.૧૭-૦૨-૨૦૨૪, ખાનપુર(બાકોર) તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર,બાકોર ખાતે તા. ૧૮-૦૨-૨૦૨૪, વિરપુર તાલુકામાં બી. આર. સી. ભવન ખાતે તા.૧૯-૦૨-૨૦૨૪, બાલાસિનોર તાલુકામાં ઉર્જા કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્ર, સેવાલીયા રોડ ખાતે ૨૦-૦૨-૨૦૨૪ ના રોજ યોજાશે તેથી જિલ્લાના અસ્થિવિષયક દિવ્યાંગત ધરાવતા દિવ્યાંજનોને કેમ્પમાં બહોળી સંખ્યામાં લાભ લેવા માટે જણાવવામાં આવે છે.

દિવ્યાંગજનોએ એસેસમેન્ટ કરાવવા માટે યુ. ડી. આઈ. ડી. કાર્ડ (સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ૪૦ ટકા કે તેથી વધુની દિવ્યાંગત આવશ્યક છે. દિવ્યાંગત પ્રમાણપત્ર સ્વીકારવામાં આવશે નહીં), આવકનો દાખલો/ બી પી એલ યાદીનો દાખલો ( વાર્ષિક આવક ૧,૮૦,૦૦૦/થી ઓછી હોવી જોઈએ તેમજ આવકનો દાખલો તલાટીશ્રી/મામલતદારશ્રી/ ધારાસભ્યશ્રી/ સાંસદસભ્યશ્રી/સરપંચશ્રી દ્વારા આપવામાં આવેલ હોવો જોઈએ), રહેઠાણનો પુરાવામાં આધારકાર્ડ/ચુંટણી કાર્ડ/ ડ્રાઈવિંગ લાઈસન્સ અને પાસપોર્ટ સાઈઝનો ફોટો જેવા દસ્તાવેજ પોતાની સાથે અવશ્ય લાવવા.

# આણંદ જિલ્લામાં શાળા સલામતી સપ્તાહની ઉજવણી



। (માહિતી) આણંદ, તા.૩ ।

આણંદ, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર દ્વારા રાજયભરમાં શાળા સલામતી સપ્તાહ - ૨૦૨૪ ની ઉજવણી કરવામા આવી રહી છે. જે અન્વયે જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આણંદ જિલ્લા ડીઝાસ્ટર શાખા દ્વારા જિલ્લાની તમામ ૧૦૨૫ પ્રાથમિક શાળામાં આ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ થકી જિલ્લાના પાથમિક શાળાના ૧.૮૭ લાખથી વધુ વિદ્યાર્થીઓને આપત્તિઓની પ્રાથમિક સમજ અને શાળા સલામતી પ્લાનની ઉપયોગીતા વિશે સમજ આપવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત પેટલાદ તાલુકાની મોરજ પ્રાથમિક શાળા અને ઉમરેઠ તાલુકાની પ્રતાપપુરા પ્રાથમિક શાળા ખાતે શાળા સલામતી સપ્તાહનો શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સતામંડળ ગાંધીનગરના ડીસ્ટ્રીક પ્રોજેકટ ઓફિસરશ્રી ડૉ. એન્જેલા ગામડિયા દ્વારા શાળા સલામતી સપ્તાહની ઉજવણી અને તેની ઉપયોગીતા વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, આ ઉજવણી અંતર્ગત શાળાના તાલીમ માપેલા શિક્ષકો દ્વારા સંભવિત હેઝાર્ડની ચાર્ટ/પોસ્ટર/આઈ.ઈ.સી., ઓડિયો, વિડીયોના માધ્યમથી સમજ તથા આપદામિત્ર અને ફાયર બ્રિગેડ દ્વારા આગ, અકસ્માત, ભૂકપ, પૂર ઈત્યાદી હોનારતોની સમજ આપવામાં આવશે. આ ઉપરાંત આપત્તિ વ્યવસ્થાપન વિષય અંતર્ગત ચિત્ર, નિબંધ, વકૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે તથા ફાયર ડેમોસ્ટ્રેશન મોકડ્રીલ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે.

# કરજણમાં વડોદરા ઝોનની પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી દ્વારા સંવેદના સેમિનાર યોજાયો



। (માહિતી બ્યૂરો) વડોદરા, તા.૩ ।

પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓની કચેરી વડોદરા ઝોન દ્વારા અધિકારીઓ અને પદાધિકારીઓની સફાઈ કામદાર પ્રત્યે સંવેદના જાગૃત થાય તથા તેમના માટેની યોજનાઓથી અવગત થાય તે માટે વડોદરા ઝોન હેઠળની ૨૬ નગરપાલિકાઓના હોદ્દેદારો અને ચીફ ઓફિસર માટે કરજણમાં સંવેદના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંવેદના સેમિનારમાં વડોદરા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લાની ૨૬ નગરપાલિકાઓના ચીફ ઓફિસર, પ્રમુખ, ઉપપ્રમુખ, સેનેટરી ઈન્સ્પેક્ટર, અધિકારીઓ અને પદાધિકારીઓએ ભાગ લીધો હતો. આ સેમિનારમાં પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનરશ્રી એસ.પી. ભગોરાએ જણાવ્યું હતું કે સ્વચ્છતાના પ્રખર આગ્રહી એવા મહાત્મા ગાંધીજી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતમાં સ્વચ્છતા મૂળભૂત જરૂરિયાત છે. આ જવાબદારીઓ જ્યારે નગરપાલિકાના હસ્તકમાં આવી રહી છે ત્યારે તમામ ઉપસ્થિત અધિકારીઓએ તેને ઉત્સાહભેર ઝીલી લેવી જોઈએ. વધુમાં તેમણે ઉમેર્યુ કે રાજ્યભરમાં સફાઈ મિત્રોની સુરક્ષા અને સલામતી માટે વડોદરા ઝોનમાં શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે. વડોદરા ઝોન હેઠળની નગરપાલિકાઓમાં થઈ રહેલી પ્રેરણાદાયી કામગીરીનો રાજ્યભરમાં બેસ્ટ પ્રેક્ટિસ તરીકે અભ્યાસ થઈ રહ્યો છે. અધિક કલેકટરશ્રી મેહુલ પંડ્યાએ જણાવ્યું કે સફાઈ મિત્રો માટે વેતન અને સુવિધાઓ સહિત માનવીય અભિગમ પણ કેળવવો જોઈએ. દરેક સબંધિત અધિકારીઓએ તેમને આપવામાં આવતી સુરક્ષા કીટનો યોગ્ય ઉપયોગ કરે છે કે નહિ તે સુનિશ્ચિત કરવું જોઈએ. આ કાર્યક્રમમાં સફાઈ મિત્રો માટે સંવેદનાના આધાર સ્થંભો, સફાઈ મિત્ર માટેની કલ્યાણકારી યોજનાઓ અને સંવેદનાત્મક અભિગમ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ વિવિધ યોજનાઓ, સેફ્ટી અવેરનેસ અને પ્રેપેડનેસ તથા બેસ્ટ પ્રેક્ટિસ વિષયો પર સંવાદ યોજાયો હતો. વધુમાં પાંચ માપદંડના આધારે શ્રેષ્ઠ નગરપાલિકાઓને પુરસ્કૃત કરવામાં આવી હતી. આ એક દિવસીય સંવેદના સેમિનારમાં વડોદરા ઝોનની ૨૬ નગર પાલિકાના પ્રમુખો/વહીવટદારો, ઉપપ્રમુખ, કારોબારી સમિતિના ચેરમેન, સફાઈ સમિતિના ચેરમેન તથા ચીફ ઓફિસરો, મ્યુનિસિપલ ઈજનેરશ્રી, નાયબ હિસાબનીશ, સેનેટરી ઈન્સ્પેકટરની ઉપસ્થિતિ રહ્યા હતા.

# લોકસભા ચૂંટણીના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓના રાજયકક્ષાના પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમનો પ્રથમ તબક્કો સંપન્ન

## ભારતના ચૂંટણી પંચના નેશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ગાંધીનગર અને રાજકોટ ખાતે રાજયના ૮૩ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓએ પ્રથમ તબક્કામાં તાલીમ મેળવી



। (માહિતી બ્યૂરો) ગાંધીનગર, તા.૩ ।

આગામી સમયમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણીની પૂર્વતૈયારીઓના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા ગાંધીનગર અને રાજકોટ ખાતે મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ માટે રાજ્યકક્ષાનો પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. તા.૦૨ જાન્યુઆરીના રોજ પૂર્ણ થયેલા પ્રથમ તબક્કાના તાલીમ કાર્યક્રમમાં ભારતના ચૂંટણી પંચના નૅશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ૮૩ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને ચૂંટણી પ્રક્રિયા સંબંધી તાલીમ આપવામાં આવી હતી.

ભારતના ચૂંટણી પંચ દ્વારા ઘડવામાં આવેલા નિયમો, તેને અનુરૂપ અદ્યતન સૂચનાઓ અને નિયત ચૂંટણી પ્રક્રિયાઓ થકી ચૂંટણીઓનું સરળ સંચાલન સુનિશ્ચિત કરવા ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ દિવસીય આ તાલીમ કાર્યક્રમમાં ઉમેદવારી પત્રો અને તેને સંલગ્ન બાબતો, EVM-VVPATના સંગ્રહ-પરિવહન અને જાળવણી, મતદાન મથકને લગતી બાબતો, મતદાનના દિવસની વ્યવસ્થાઓ,



પોલીંગ સ્ટાફ, આદર્શ આચારસંહિતા, પોસ્ટલ બેલેટ, મતગણતરી અને પરિણામોની જાહેરાત, પેઈડ ન્યૂઝ, મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરીંગ કમિટી, આઈ. ટી. ઍપ્લિકેશન્સ તથા ખર્ચ નિરિક્ષણ સહિતની બાબતો અંગે વિસ્તૃત તાલીમ આપવામાં આવી.

ગાંધીનગર અને રાજકોટ ખાતે તા. ૨૯મી જાન્યુઆરી, ૨૦૨૪થી તા. ૦૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી યોજાયેલા આ પ્રથમ તબક્કાના તાલીમ કાર્યક્રમમાં ભારતના ચૂંટણી પંચના નૅશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ૮૩ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને તમામ વિષયો પર વિગતવાર માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવ્યા હતા. આ તાલીમ બાદ ભારતના ચૂંટણી પંચ દ્વારા તમામ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓના ઑનલાઈન મૂલ્યાંકન પણ કરવામાં આવ્યા હતા.

# ભાદરણ જવાહર નવોદય વિદ્યાલય ખાતે ફૂટબોલ ફોર સ્કુલ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) આણંદ, તા.૩ ।

કેન્દ્ર સરકાર હેઠળના શિક્ષણ મંત્રાલય અને ફીફા દ્વારા ફૂટબોલ ફોર સ્કૂલ (F4S) પ્રોગ્રામ અંતર્ગત સમગ્ર ભારત દેશમાં ફુટબોલ ફોર સ્કૂલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાકક્ષાની નોડલ સ્કૂલ દ્વારા જિલ્લામાં આવેલી વિવિધ શાળાઓમાં ફૂટબોલની વહેંચણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત દેશભરની ૧.૫૦ લાખ શાળાઓને ૧૧ લાખથી વધારે ફૂટબોલની વહેંચણી કરવામાં આવી હતી.

જે અન્વયે આણંદમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પીએમ શ્રી સ્કૂલ જવાહર નવોદય વિદ્યાલય,ભાદરણ ખાતે ફૂટબોલ ફોર સ્કુલ (F4S) કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત વિદ્યાલયમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું



હતુ. મહાનુભાવોના હસ્તે જિલ્લાની અંદાજીત ૫૦ શાળામાંથી આવેલા શિક્ષક અને વિદ્યાર્થીઓને ફૂટબોલની વહેંચણી કરવામાં આવી હતી અને ત્યારબાદ ફૂટબોલ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આણંદ જિલ્લા રમત-ગમત અધિકારી, આણંદ જિલ્લા ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ અને સેક્રેટરી, જવાહર નવોદય વિદ્યાલય, ભાદરણના આચાર્યશ્રી, ઉપઆચાર્યશ્રી, તમામ શિક્ષકગણ અને જિલ્લાની વિવિધ શાળાઓના શિક્ષકો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો. યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. આ રાશિ ના વયસ્ક લોકો મફત સમય માં આજે તેમના જૂના મિત્રો ને મળવા જઈ શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. આજે તમે તમારા પરિવારમાં શાંતિદૂતનું કામ કરશો. પરિસ્થિતિને અંકુશ હેઠળ રાખવા દરેકની સમસ્યાઓને સાંભળો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. ઑફિસના કામમાં તમારી વધારે પ



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. આજે તમારો પ્રણય સાથૂી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા



**મકર (ખ,જ) :**

આજના દિવસે ગર્ભવતી મહિલાઓ માટે બહુ સારો દિવસ નથી. ચાલતી વખતે તમારે વધારે સાવચેતી રાખવી જોઈએ. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તાણભર્યો સમય પ્રવર્તશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. આજે તમે એક નવી પુસ્તક ખરીદી ને અને ઓરડા માં સ્વયં ને બંધ કરી ને આખો દિવસ પસાર કરી શકો છો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. સંવાદ સાધવાની તમારી કળા પ્રભાવિત કરનારી રહેશે.

# સમુદ્રી લૂંટેરાઓ પર કાળ બનીને તૂટી પડ્યા, પાકિસ્તાનીઓને બચાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતીય નૌસેનાએ ફરી એકવાર પોતાની બહાદુરી બતાવી દીધી છે. નૌકાદળે શુક્રવારે સોમાલિયાના પૂર્વ કિનારે બીજા જહાજને હાઈજેક કરવાના ચાંચિયાઓના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. સાત લૂંટારુઓ આ જહાજમાં સવાર હતા અને ક્રૂ મેમ્બર્સને બંધક બનાવવામાં આવ્યા હતા. ભારતીય નૌકાદળને આ માહિતી મળતાં જ તેમણે તરત જ હુમલો કરીને તેમના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા. નેવીએ ૧૯ ક્રૂ મેમ્બર્સને પણ સુરક્ષિત રીતે બચાવ્યા હતા, જેમાં ૧૧ ઈરાની અને ૮ પાકિસ્તાની લોકો પણ હતા. નૌકાદળ દ્વારા જારી કરાયેલા નિવેદન મુજબ ૩૧ જાન્યુઆરીએ ઈરાની ફિશિંગ જહાજ એફવી ઓમરિલને હાઈજેક કરવામાં આવ્યું હોવાની માહિતી મળી હતી. સાત ચાંચિયાઓ આ નૌકામાં ચડી ગયા હતા અને ક્રૂ મેમ્બર્સને બંધક બનાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. એ વખતે ભારતીય નેવલ આરપીએ આ વિસ્તાર પર નજર રાખી રહી હતી. અમને આ માહિતી મળતાં જ અમે એક ઓપરેશન શરૂ કર્યું અને ઢફ ઓમરિલને શોધી કાઢ્યું. આ પછી, INS શારદાને ચાંચિયાઓ સામે લડવા માટે એન્ટી-પાઈરેસી મિશન પર તૈનાત કરવામાં આવ્યું હતું. INS શારદાએ થોડી જ ક્ષણોમાં ઈરાની જહાજ FV Omaril ને અટકાવ્યું. ત્યાર પછી ચાંચિયાઓને જહાજમાંથી ભાગી જવાની ફરજ પડી હતી. જહાજ પર ઈરાનનો ધ્વજ હતો. નેવીના જણાવ્યા અનુસાર આ જહાજમાં ૧૧ ઈરાની અને ૮ પાકિસ્તાની નાગરિકો હાજર હતા. તમામ ક્રૂ મેમ્બર હતા. ચાંચિયાઓનો સામનો કરવા માટે આ વિસ્તારમાં INS શારદા યુદ્ધ જહાજ તૈનાત કરવામાં આવ્યું છે, જે દરેક ક્ષણે આ વિસ્તાર પર નજર રાખે છે. ભારતીય નૌકાદળના પ્રવક્તા કમાન્ડર વિવેક માધવાલે કહ્યું હતું કે, અમે ઈરાનના ધ્વજવાળા જહાજ પર ચાંચિયાઓ દ્વારા હુમલાની માહિતી મળ્યા બાદ ઓપરેશન શરૂ કર્યું હતું. INS શારદાએ શુક્રવારે વહેલી સવારે જહાજને અટકાવ્યું અને ચાંચિયાઓને ક્રૂને સુરક્ષિત રીતે મુક્ત કરવા દબાણ કર્યું. નેવીનું એક સપ્તાહમાં આ ચોથું ઓપરેશન છે. આ પહેલા ભારતીય નેવીએ ૧૯ પાકિસ્તાની ક્રૂને બચાવ્યા હતા. ભારતીય નૌસેનાએ શ્રીલંકા અને સેશેલ્સની નૌકાદળ સાથે મળીને આ સપ્તાહની શરૂઆતમાં એક ઓપરેશન હાથ ધર્યું હતું. તે સમયે, મોગાદિશુની પૂર્વમાં દરિયાઈ માર્ગમાં ચાંચિયાઓએ એક માછીમારી જહાજ પર હુમલો કર્યો અને હાઈજેક કર્યું. આ પહેલા પણ ૫ જાન્યુઆરીએ નેવીએ નોર્થ અરબી સમુદ્રમાં લાઈબેરિયન ફ્લેગવાળા જહાજ એમવી લીલા નોરફોકને હાઈજેક કરવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. તેના તમામ ક્રૂ મેમ્બરનો બચાવ થયો હતો.

## CIAના ભૂતપૂર્વ એન્જિનિયરને ૪૦ વર્ષની જેલની સજા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

યુએસ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સીના ભૂતપૂર્વ સોફ્ટવેર એન્જિનિયર જોશુઆ શુલ્ટેને ૪૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. જોશુઆ શુલ્ટે સૈંછના ઈતિહાસમાં વર્ગીકૃત માહિતીની સૌથી મોટી ચોરી અને બાળ જાતીય શોષણની તસવીરો અને વીડિયો રાખવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો છે. શુલ્ટે આ દસ્તાવેજો ચોર્યા અને વિકિલીક્સને આપ્યા, જે એક મીડિયા સંસ્થા છે. અમેરિકાની મેનહટન ડિસ્ટ્રિક્ટ કોર્ટે ૩૫ વર્ષીય જોશુઆ શુલ્ટેને સજા સંભળાવી છે. આ મામલો વર્ષ ૨૦૧૭નો છે જેમાં વિકિલીક્સે સૈંછના દસ્તાવેજોને વૉલ્ટ ૭ તરીકે જાહેરમાં જાહેર કર્યા હતા. આ ગુનામાં તેને વર્ષ ૨૦૧૮માં જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. આ સાથે, ૨૦૧૩ માં, શુલ્ટેને બાળ યૌન શોષણની છબીઓ પ્રાપ્ત કરવા, રાખવા અને પરિવહન કરવા માટે પણ દોષી ઠેરવવામાં આવ્યો હતો. સજા સંભળાવતા ન્યાયાધીશ એમ. ફરમાને કહ્યું કે આ અપરાધ મોટા પાયે આચરવામાં આવ્યો છે, જેનું નુકસાન કેટલું છે તે આપણે ક્યારેય જાણી શકીશું નહીં. સીઆઈએ એ વિદેશી જાસૂસી કામગીરીમાં એપલ અને એન્ડ્રોઈડ સ્માર્ટફોનને હેક કર્યા અને ઈન્ટરનેટ સાથે જોડાયેલા ટેલિવિઝનને સાંભળવાના ઉપકરણોમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કર્યો. તેની ધરપકડ પહેલા, શુલ્ટે વર્જિનિયાના લેંગલીમાં એજન્સીની ઓફિસમાં કોડર તરીકે હેકિંગ ટૂલ્સ બનાવવામાં મદદ કરી હતી. આજીવન કેદની વિનંતી કરતી વખતે, મદદનીશ યુએસ એટર્ની ડેવિડ વિલિયમ ડેન્ટન જુનિયરે જણાવ્યું હતું કે અમેરિકાના ઈતિહાસમાં વર્ગીકૃત માહિતીના સૌથી વધુ નુકસાનકારક ખુલાસા માટે શુલ્ટે જવાબદાર છે. શુલ્ટે મોટાભાગે બ્રુકલિનમાં મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરની મુશ્કેલ પરિસ્થિતિઓ વિશે ફરિયાદ કરી હતી, તેના સેલને "મારું ટોર્ચર કેજ" ગણાવ્યું હતું, પરંતુ તેણે એવો પણ દાવો કર્યો હતો કે ફરિયાદીઓએ એકવાર તેને અરજીની ડીલ ઓફર કરી હતી. આ અરજીમાં ૧૦ વર્ષની જેલની સજા હતી અને હવે તેના માટે આજીવન કેદની માંગ કરવી યોગ્ય હતી. શુલ્ટેએ કહ્યું કે આ ન્યાય નથી જે સરકાર ઈચ્છે છે, પરંતુ વેર છે.



સ્વાઈન ફ્લૂની પણ થઈ પુષ્ટિ

# પૂર્વ સીએમ અશોક ગેહલોત આવ્યા કોરોનાની ઝપેટમાં

## ગેહલોતે માઈક્રોબ્લોગિંગ સાઈટ પર લખ્યું છેલ્લા થોડા દિવસી તાવ આવતો હોવાના કારણે ડોક્ટર્સની સલાહ પર તપાસ કરાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યા બાદ પણ કોરોના વાયરસ હાર માની રહ્યો નથી. બદલાતા હવામાન સાથે, કોરોના વાયરસ દેશમાં ઘણી જગ્યાએ પોતાનો ફેલાવો કરી રહ્યો છે. આ દરમિયાન રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ કોરોના વાયરસનો શિકાર બન્યા છે. આ સિવાય સ્વાઈન ફ્લુએ પણ તેને પોતાનો શિકાર બનાવ્યા છે. પૂર્વ મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપી હતી. અશોક ગેહલોતે માઈક્રોબ્લોગિંગ સાઈટ પર લખ્યું છેલ્લા થોડા દિવસી તાવ આવતો હોવાના કારણે ડોક્ટર્સની સલાહ પર તપાસ કરાવી, જેમાં કોવિડ અને સ્વાઈન ફ્લૂની પુષ્ટિ થઈ છે. આ કારણે આગામી ૭ દિવસ સી મુલાકાત નહીં કરી શકું આ બદલાતા મોસમમાં તમે બધા તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. બદલાતા હવામાન વચ્ચે રાજસ્થાનના પૂર્વ સીએમ અશોક ગેહલોત પણ કોરોના વાયરસનો શિકાર બન્યા છે. કારણ કે રાજસ્થાનમાં આ દિવસોમાં ભારે ઠંડી પડી રહી છે. હવામાનની પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે. હવામાનના બદલાવને કારણે બાળકો અને વૃદ્ધોને મોસમી રોગોની અસર થવા લાગી છે. વધતી જતી ઠંડીના કારણે વૃદ્ધો પર મોસમી રોગોનું પ્રમાણ વધ્યું છે. જોકે બદલાતા હવામાન સાથે આ સામાન્ય બાબત છે. પરંતુ, ખાંસી, શરદી અને અન્ય સામાન્ય રોગો બાળકો અને વૃદ્ધોને રાત્રે બેચેન બનાવે છે. તાવ, ઉધરસ, શરદી અને શ્વાસ લેવામાં તકલીફ સહિતના મોસમી રોગો પણ કાર્ડિયાક એટેક અને સ્ટ્રોકનું જોખમ વધારે છે. સ્વાસ્થ્ય નિષ્ણાંતોના મતે હાલ સમગ્ર દેશમાં હવામાન બદલાઈ રહ્યું છે. તીવ્ર ઠંડીની સાથે સાથે દિવસ દરમિયાન હવામાન પણ સારું થઈ રહ્યું છે. તેથી તે સ્વાસ્થ્ય માટે પડકારરૂપ બની શકે છે. કારણ કે કોરોનાના કેસ ભલે ઓછા થયા હોય પણ તેની અસર ઓછી થઈ નથી. શિયાળાના અંતમાં દેશમાં ફરી એકવાર ચેપના કેસ વધવા લાગ્યા છે. આરોગ્ય સંસ્થાઓનું કહેવું છે કે ઠંડા હવામાનને કારણે કોરોના વાયરસ અને અન્ય ચેપ વધે છે.

### વ્યક્તિએ માસ્ક પહેરવાની સાથે કોવિડ યોગ્ય વર્તનનું પાલન કરવું જોઈએ

**વર્ષ ૨૦૨૦માં થયેલા એક અભ્યાસ અનુસાર, કોરોના ઠંડા અને સૂકી સ્થિતિમાં લાંબા સમય સુધી જીવિત રહી શકે છે. યુએસ સ્ટેટ વર્મોન્ટમાં કોરોના કેસમાં ૭૦ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે. આરોગ્ય નિષ્ણાતો કહે છે કે ડિસેમ્બર અને જાન્યુઆરીમાં શિયાળામાં ફ્લૂ ઝડપથી વધે છે.૨૦૨૨માં ફ્લૂનો ચેપ ઓક્ટોબરમાં જ જોવા મળ્યો હતો. આ વર્ષે નવેમ્બરમાં જ તેના કેસ આવવા લાગ્યા હતા. ફ્લૂથી પીડિત ઘણા લોકોમાં તેના લક્ષણો એટલા હળવા હોય છે કે તેમની તપાસ પણ કરી શકાતી નથી. તેથી દર્દીઓની સંખ્યા વધુ હોઈ શકે છે. આરોગ્ય નિષ્ણાતોના મતે, કોરોના અને ફ્લૂ બંને સામે રક્ષણની જરૂર છે. દરેક વ્યક્તિએ માસ્ક પહેરવાની સાથે કોવિડ યોગ્ય વર્તનનું પાલન કરવું જોઈએ. કોરોના વાયરસથી પોતાને બચાવવા માટે, વૃદ્ધો અને બાળકોની યોગ્ય કાળજી લો. કોઈપણ પ્રકારની બેદરકારીથી બચો.**

## બીજી વખત નોટિસ આપવા ક્રાઈમ બ્રાંચ અરવિંદ કેજરીવાલના આવાસ પર પહોંચી

। નવી દિલ્હી, તા.૩ ।



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુસીબતો ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. હવે ફરી એકવાર આમ આદમી પાર્ટીના ધારાસભ્યોના હોર્સ ટ્રેડિંગના આરોપોના કેસની તપાસ કરવા માટે ક્રાઈમ બ્રાન્ચના એસીપી કેજરીવાલના ઘરે નોટિસ આપવા પહોંચ્યા છે, પરંતુ મુખ્યમંત્રી આવાસ પર હાજર અધિકારીઓ પોલીસની નોટિસ સ્વીકારવા તૈયાર નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર અરવિંદ કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે ભાજપ પાર્ટી તેમના ધારાસભ્યોને ખરીદવાનો પ્રયાસ કરી રહી છે. કેજરીવાલે કહ્યું કે, તેમના ૨૧ ધારાસભ્યોને તોડવાની યોજના છે. આ અંગે તેમના સાત ધારાસભ્યોનો પણ સંપર્ક કરવામાં આવ્યો. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા અનુસાર ACP ક્રાઈમ બ્રાન્ચ અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચી ગયા છે, પરંતુ સીએમ ઓફિસ નોટિસ લેવા તૈયાર નથી, જ્યારે ક્રાઈમ બ્રાન્ચ કેજરીવાલને વ્યક્તિગત રીતે નોટિસ આપવા માંગે છે.

ઉત્તર ભારતમાં હિમવર્ષા અને વરસાદ ચાલુ

## પહાડો પર હિમવર્ષા, દિલ્હીમાં પણ વરસાદ

### આ સિવાય ઉત્તરાખંડમાં ૪ અને ૫ ફેબ્રુઆરીએ વરસાદ અને હિમવર્ષાની ગતિવિધિઓ જોવા મળશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

હવામાન વિભાગનું કહેવું છે કે આજથી એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવા જઈ રહ્યું છે, જેના કારણે દિલ્હી સહિત ઘણા રાજ્યોમાં વરસાદની આશંકા છે. પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થવાની સંભાવના છે. ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં હાલમાં હિમવર્ષા અને વરસાદ ચાલુ છે. હિમાચલ પ્રદેશ હોય કે જમ્મુ-કાશ્મીર, હિમવર્ષાને કારણે હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. દરમિયાન, હવામાન વિભાગનું કહેવું છે કે નવી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આગામી બે દિવસમાં રાજધાની દિલ્હી સહિત ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. આ સિવાય ઉત્તરાખંડમાં ૪ અને ૫ ફેબ્રુઆરીએ વરસાદ અને હિમવર્ષાની ગતિવિધિઓ જોવા મળશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, નવી રચાયેલી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દિલ્હીના હવામાનને અસર કરી શકે છે, જેના કારણે આગામી બે દિવસમાં હળવો, મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે. આ સાથે આજે એટલે કે શનિવાર (૩ જાન્યુઆરી)ના રોજ વાદળછાયું આકાશ અને હળવો અને ઝરમર વરસાદ પડવાની શક્યતા છે. ભારતીય રેલ્વેના એક નિવેદન અનુસાર, શુક્રવારે અત્યંત ગાઢ ધુમ્મસને કારણે ૨૩ ટ્રેનો મોડી પડી હતી. પાલમ ખાતે સવારે ૯ વાગ્યે વિઝિબિલિટી શૂન્ય હતી અને એરપોર્ટ રનવે પર વિઝિબિલિટી ૩૦૦ થી ૫૦૦ મીટરની વચ્ચે હતી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર બુધવારે દિલ્હીમાં ભારે વરસાદને કારણે દિલ્હીની હવાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે. હવામાન વિભાગનું કહેવું છે કે ૩ થી ૫ ફેબ્રુઆરી દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદની સંભાવના છે. આજે પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, તમિલનાડુ, કેરળ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં વરસાદની સંભાવના છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તરાખંડના મેદાની વિસ્તારો, ઉત્તર પ્રદેશ અને પૂર્વ ઉત્તર પ્રદેશના કેટલાક સ્થળોએ જ્યારે રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમમાં લઘુત્તમ તાપમાન ૭-૧૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહ્યું હતું. બંગાળ.ઉત્તર પ્રદેશના ઘણા ભાગોમાં ૧૧-૧૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. અમૃતસર (પંજાબ)માં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન ૪.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં શુક્રવારે હિમવર્ષા થતાં વાહનોની અવરજવર ખોરવાઈ ગઈ હતી અને ઓફિસ જનારાઓને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હિમાચલ પ્રદેશમાં હિમવર્ષાને કારણે ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ઓછામાં ઓછા ૭૨૦ રસ્તાઓ અવરોધિત છે, જ્યારે ૨,૨૪૩ ટ્રાન્સફોર્મર અસરગ્રસ્ત છે.

## વિશેષ

### કુદરતી અને માનવ સર્જિત આપત્તિ અન્વયે રક્ષણાત્મક પગલાની આપવામાં આવી સમજ

# જિલ્લા પ્રભારીમંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને જિલ્લા આયોજન અંતર્ગત કામોની સમીક્ષા સહિત સંકલનની બેઠક યોજાઇ

। (માહિતી) અમદાવાદ ।

જિલ્લાના પ્રભારી અને રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ આયોજન મંડળની બેઠકમાં જણાવ્યું હતું કે અધિકારીઓ અને પદાધિકારીઓ સંકલનમાં મળીને કામ કરીશું તો પરીણામ હકારત્મક મળે છે. મહેસાણા જિલ્લામાં સંકલનના કારણે જિલ્લાના વિવિધ એવોર્ડ મળ્યા છે જે આપણા સૌના માટે ગૌરવની વાત છે. પ્રભારી મંત્રી વિશ્વકર્માએ ઉમેર્યું હતું કે જનસમૂહની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી તે રાજ્ય સરકારની પ્રાથમિક ફરજ છે. આ માટે રાજ્ય સરકાર પરિણામલક્ષી કામગીરી કરે છે. આ સુવિધાઓ ઊભી કરતાં વિકાસ કામો અને જનહિતલક્ષી કામોનું આયોજન ઉપરાંત તેનું અમલીકરણ એવું સત્વરે થવું જોઈએ. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે નાગરિકોના પ્રશ્નોનું નિરાકરણ થાય તે માટે આપણે બ્રિજ છીએ. તેમના પેન્ડીંગ પ્રશ્નોનો નિકાલ કરી સરકારની કામગીરી ઉજાગર થાય તે દિશામાં સૌએ સાથે મળીને પ્રયત્નો કરવા જોઈએ તેમ જણાવ્યું હતું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે દેશના પ્રધાનમંત્રીશ્રી



નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમતીભાઈ શાહ સતત રાષ્ટ્ર વિકાસ માટે કાર્ય કરી રહ્યા છે.છેલ્લા વર્ષોથી કાયદા તેમજ અનેક બાબતોમાં સુધારાને પગલે રાષ્ટ્ર વિકાસના નવા આયામ સર કરી રહ્યો છે તેમ જણાવી તેમણે જિલ્લાના વિકાસ માટે અધિકારીઓ,પદાધિકારીઓને પ્રતિબધ્ધ થવા અનુંરોધ કર્યો હતો જિલ્લાના પ્રભારીમંત્રીશ્રીની અધ્યક્ષતામાં વિકેન્દ્રીત જિલ્લા આયોજનની વિવિધ જોગવાઈ હેઠળ મહેસાણા જિલ્લા માટે વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં મળવાપાત્ર રકમ માટે નવીન આયોજન તથા કામોની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી જેમાં જિલ્લા આયોજન મંડળની બેઠકની કાર્યવાહી નોંધની બહાલી આપવી, વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત મંજુર થયેલ કામો પૈકી થયેલ કામફેર કામોને તેમજ બચત રકમાંથી મંજુર થયેલ કામોની બહાલી આપવી, ૨૦૨૪-૨૫ની વિવિધ જોગવાઈ હેઠળ નવા કામો મંજુર કરવા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યોજનાના કામો મંજુર કરવા, વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત અગાઉના વર્ષોના કામોની સમીક્ષા કરવી, સંસદ સભ્ય અને રાજસભાના સભ્યની ગ્રાન્ટના કમોની સમીક્ષા, જી.ઓ ટેગીંગ સોફ્ટવેર સહિત વિવિધ બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪-૨૫ ની વિકેન્દ્રીત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગતની ૧૫% વિવેકાધીન,૫% પ્રોત્સાહક અને ખાસ પછાત વિસ્તારની જોગવાઈ હેઠળ ત્રણ તાલુકા-ઉંઝા, સતલાસણા અને ખેરાલુ તેમજ નગરપાલિકા વિવેકાધીન જોગવાઈ હેઠળ સાત નગરપાલિકા (વિજાપુર, વિસનગર, વડનગર, ઉંઝા, મહેસાણા, કડી, ખેરાલુ) દ્વારા આયોજન રજુ કરેલ જેને આજની બેઠકમાં વંચાણે લઈ મંજુર કરવાનુ નક્કી કરવામાં આવ્યું. તેમજ જે તાલુકાનું આયોજન બાકી રહેલ છે તેને દિન-૭ માં મેળવી મંજુર કરવામાં આવશે. આજની મીટીંગમાં જુના વર્ષોના પ્રગતિ તથા શરૂ ના થયેલ તમામ કામોની કામવાર સમિક્ષા કરી તથા આ કામો સરકારશ્રી દ્વારા ઠરાવેલ સમય મર્યાદામાં પૂર્ણ કરી ખર્ચ કરવા તમામ અમલીકરણ અધિકારીશ્રીને તાકિદ કરવામાં આવ્યા. આ ઉપરાંત સંકલનની બેઠકમાં ધારાસસભ્યશ્રીઓ,સંસદ સભ્યશ્રીઓ સહિત પદાધિકારીઓ દ્વારા રજૂ થયેલ વિવિધ પ્રશ્નોની ચર્ચા કરી હકારત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું જિલ્લાની વિકાસ ગાથા રજૂ કરતી વિકાસ વાટિકા પૂસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રભારી સચિવ ધનંજ્ય દ્રિવેદી,જિલ્લા કલેકટર એમ.નાગરાજન, સાંસદશ્રી શારદાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમ પ્રકાશ, જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ, ધારાસભ્ય સર્વેશ્રી મુકેશભાઈ પટેલ,કરશનભાઈ સોલંકી,સુખાજી ઠાકોર, સરદારભાઈ ચૌધરી, કીરીટભાઈ પટેલ, પુર્વ ધારાસભ્ય રમણભાઈ પટેલ,જિલ્લા પોલીસ અધિક્ષક ઋષિકેશ ઉપાધ્યાય, નિવાસી અધિક કલેકટર એસ.સી સાવલિયા સહિત જિલ્લાના સંકલનના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વિજાપુર માર્કેટયાર્ડમાં નવી આવક શરૂ થઈ છે

# વિજાપુર માર્કેટયાર્ડ ખાતે મગફળી અને કપાસની જોરદાર આવક

### મગફળીના ભાવમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો, આ ઉપરાંત, કપાસની પણ સારામાં સારી આવક નોંધાઈ હતી



। (એજન્સી) મહેસાણા, તા.૩ ।

મહેસાણા જિલ્લામાં અનેક લોકો ખેતી સાથે સંકળાયેલા છે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં રવિ સીઝનમાં વિવિધ પાકોનું મબલખ વાવેતર કરવામાં આવે છે, જે પૈકી મહેસાણાના વિજાપુર માર્કેટયાર્ડમાં સૌથી વધુ વાવેતર એરંડા તેમજ કપાસનું થતું હોય છે. ખેડૂતો પોતાના તૈયાર પાકનું વેચાણ જિલ્લામાં આવેલી વિવિધ છઁસ્ઝમાં કરે છે. ૨ ફેબ્રુઆરીનાં રોજ વિવિધ જણસીઓના ઢગલાં વિજાપુર માર્કેટયાર્ડ ખાતે થયા હતા. વિજાપુર માર્કેટયાર્ડમાં ૨ જાન્યુઆરીના રોજ રાયડો, બાજરી, ઘઉં, જુવાર, મગ, અડદ અને ગવારની હરાજી કરવામાં આવી હતી.

વિજાપુર માર્કેટયાર્ડમાં કપાસ અને મગફળીની નવી આવક શરૂ થઈ છે. ખેડૂતો સારા ભાવની આશાએ વિજાપુર માર્કેટયાર્ડમાં આવી રહ્યા છે અને પોતાના તૈયાર પાકનું વેચાણ કરી રહ્યા છે. જો કે, ૨ ફેબ્રુઆરીનાં રોજ મગફળીની રેકોર્ડબ્રેક આવક નોંધાઈ હતી.૨ ફેબ્રુઆરીના રોજ કુલ મગફળીની ૧૫૫૧ બોરીની આવક થઈ હતી. મગફળીનો પ્રતિમણનો ભાવ ૧૧૨૧થી ૧૩૭૦ રૂપિયા સુધી નોંધાયો હતો. મગફળીના ભાવમાં ગયા અઠવાડિયાની સરખામણીએ આંશિક ૨૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. વિજાપુર માર્કેટયાર્ડના ચેરમેન રમેશભાઈ પટેલએ જણાવ્યું હતું કે, માર્કેટ ઉઘડતાની સાથે જ આજે નવા કપાસની હરાજી શરૂ કરાઈ હતી. મગફળી ઉપરાંત, કપાસની પણ સારી આવક નોંધાઈ હતી. વિજાપુર માર્કેટ યાર્ડમાં રોજની કપાસની લગભગ ૩,૦૦૦થી ૪૦૦૦ બોરીની આવક નોંધાતી હોય છે. ૨મી જાન્યુઆરી કપાસની આવક ૯૬૩ બોરી નોંધવામાં આવી હતી. કપાસનો નીચો ભાવ ૧૨૦૦ પ્રતિ મણ તેમજ ઊંચો ભાવ ૧૪૫૨ પ્રતિ મણ નોંધાયો હતો. કપાસના ભાવ હાલ આંશિક વધારો ૩૦ રૂપિયા નો જોવા મળ્યો હતો.

# બગોદરા-લીમડી હાઇવે પર લક્ઝરી બસ-ટ્રક વચ્ચે અકસ્માતમાં બે લોકોનાં મોત થયા

### ૧૨ મુસાફરોને બાવળાની ખાનગી હોસ્પિટલમાં અને અન્ય મુસાફરોને બગોદરાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

રાજ્યમાં અકસ્માતનો સિલસિલો યથાયવત છે. બગોદરા-લીમડી હાઈવે પર અકસ્માત સર્જાયો છે. મીઠાપુર પાટીયા પાસે ખાનગી લકઝરી અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો છે. બસમાં સવાર ૨૨ લોકોને ઈજા પહોંચી છે અને બે લોકોના મોત થયા છે. ઈજાગ્રસ્તો પૈકી ૧૨ મુસાફરોને બાવળાની ખાનગી હોસ્પિટલમાં અને અન્ય મુસાફરોને બગોદરાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતના પગલે પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે. રાજકોટના સંત કબીર રોડ પર બાઈક પર જતાં પિતા-પુત્રને ટેક્રરે થોડા દિવસ પહેલા કચડી નાખ્યા હતા. આ જ પ્રકારનો અકસ્માત શુક્રવારે મેટોડા જીઆઈડીસી પાસે સર્જાયો હતો. જેમાં ૧૪ વ્હીલવાળા કન્ટેનરે બાઈક પર જતાં પિતા-પુત્રને ચગદી નાખતા અરેરાટી વ્યાપી ગઈ હતી. મેટોડા પોલીસે કન્ટેનર ચાલકની અટકાયત કરી હતી. બંને પિતા-પુત્ર લગ્ન પ્રસંગમાં જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડયો હતો. જેને કારણે પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો હતો. પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મૂળ જેતપુરના ઉમરાળી તાલુકાના અને અને હાલ લોધીકા




વડવાજડી ગામે રહેતા સંજયસિંહ (ઉ.વ. ૩૫), પિતા જીલુભા ભાટી (ઉ.વ. ૬૨)ને બાઈક પાછળ બેસાડી મેટોડા જીઆઈડીસી ગેઈટ નં. ૧ પાસેથી પસાર થતા હતા ત્યારે ત્યાંથી નીકળેલા કન્ટેનરે હડફેટે લીધા બાદ તેમના શરીર પરથી કન્ટેનરના તોતીંગ વ્હીલ ફરી વળતાં સ્થળ પર કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જાણ થતાં મેટોડા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. તત્કાળ કાર્યવાહી કરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડયા હતાં. મૃતક સંજયસિંહને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. મેટોડાના પીએસઆઈ ગોહીલે જણાવ્યું કે મૃતક સંજયસિંહ મેટોડા જીઆઈડીસીમાં ગેઈટ નં. ૨માં આવેલ બાલાજી મલ્ટી પ્રેસ નામના કારખાનામાં નોકરી કરતા હતા.

### વલસાડના તિથલ રોડ પર રહેતા

# વલસાડમાં મોર્નિંગ વોક પર નીકળેલા પુરૂષનું હાર્ટ એટેક આવતા મોત નિપજ્યુ

। (એજન્સી) વલસાડ, તા.૩ ।

રાજ્યમાં હાર્ટ એટેકનું પ્રમાણ વધી રહ્યું છે. કોરોના બાદ હાર્ટ એટેક આવવાના બનાવો ચોંકાવનારી રીતે વધી રહ્યા છે. જો કે મેડિકલ સાયન્સ કે આરોગ્ય વિભાગ હાર્ટ એટેક વધવાને અને કોરોના સાથે સાંકળતું નથી તેમ છતાં એ હકિકત છે કે કોરોના કાળ પછી હૃદય સંબંધી બીમારીઓ પણ વધી છે. આ દરમિયાન વલસાડ શહેરમાં હાર્ટ એટેકનો બનાવ સામે આવ્યો છે. વલસાડના તિથલ રોડ પર રહેતા ૫૧ વર્ષીય રાજેશ સિંઘે મોર્નિંગ વોક માટે નીકળ્યા હતા. આ સમયે હાર્ટએટેક આવતાં રોડ પર જ ઢળી પડ્યા હતા. જેને લઈ રાહદારીઓ એકઠાં થઈ ગયા હતા અને ૧૦૮ને જાણ કરી હતી. ૧૦૮ની ટીમે આવી તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. રોડ પર જ હાર્ટ એટેકથી કારણે પુરુષનું મોત થતાં સવાર સવારમાં તિથલ રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. શુક્રવારે સુરતના જહાંગીરપુરામાં ૨૨ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મોત થયું હતું. તેજસ રાઠોડ નામના યુવકને ઘરમાં અચાનક છાતીમાં દુઃખાવો થયો હતો. જેથી તેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે યુવકને સારવાર મળે તે પહેલા તબીબએ મૃતક જાહેર કર્યો હતો. યુવકને કોઈ પણ પ્રકારની ગંભીર બીમારી નહોતી. અચાનક છાતીમાં દુઃખાવો થયા બાદ મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયું હતું. જહાંગીર પુરા પોલીસે મૃતદેહને પીએમ અર્થે મોકલી કાર્યવાહી હાથ ધરી હતી. હાર્ટ સ્પેશિયાલિસ્ટના મતે હાર્ટ એટેકની સ્થિતિને 'મ્યોકાર્ડિયલ ઈન્ફાર્ક્શન' કહેવામાં આવે છે. આ એવી સ્થિતિ છે જ્યારે હૃદયના કોઈ ભાગમાં લોહીનો પુરવઠો બંધ થઈ જાય છે અને તેના કારણે ત્યાં લાંબા સમય સુધી લોહી અને ઓક્સિજન પહોંચી શકતું નથી. જેના કારણે તે કામ કરવાનું બંધ કરી દે છે અને વ્યક્તિનું મૃત્યુ થાય છે.

# આણંદ જિલ્લાકક્ષાના કલામહાકુંભનું ૧૨ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન યોજાશે

। (માહિતી) આણંદ, તા.૩ ।

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર, આણંદ દ્વારા આગામી તા. ૧૨ થી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન ૨મા એમ. દેસાઈ કોલેજ ઓફ મ્યુઝીક એન્ડ ડાન્સ, વિદ્યાનગર ખાતે જિલ્લાકક્ષાના કલામહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તાલુકા કક્ષાએ યોજાયેલ સ્પર્ધાઓમાં પ્રથમ વિજેતા થયેલ સ્પર્ધકો તથા કાવ્યલેખન, ગઝલ શાયરી લેખન, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઈ, સજનાત્મક કારીગરી, સ્કુલ બેન્ડ, ઓરગન, કથ્થક, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) જેવી સ્પર્ધામાં સ્પર્ધકો સિધા જિલ્લા કક્ષાએ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં તા.૧૨/૦૨/૨૦૨૪ના રોજ ગરબા, રાસ, તબલા, હાર્મોનિયમ, ઓર્ગન, એક પાત્રીય અભિનય, નિબંધ, વકતૃત્વ, ચિત્રકલા જેવી સ્પર્ધાઓ, તા.૧૩/૦૨/૨૦૨૪નાં રોજ સમૂહગીત, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, સુગમસંગીત, લોકવાર્તા, દોહા-છંદ-ચોપાઈ, કાવ્યલેખન, ગઝલશાયરી, સર્જનાત્મક કારીગરી તેમજ તા.૧૪/૦૨/૨૦૨૪ના રોજ લોકનૃત્ય, ભરતનાટ્યમ, કથ્થક, સ્કૂલ બેન્ડ, લગ્નગીત, લોકગીત/ભજન જેવી સ્પર્ધાઓ યોજવામાં આવશે તેમ આણંદ જિલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવ્યું છે.

# જુનાગઢની યુનિયન બેંકની બ્રાંચના ચીફ મેનેજરે કેમ કર્યો આપઘાત

। (એજન્સી) જુનાગઢ, તા.૩ ।

જુનાગઢનાં ઝાંઝરડા રોડ ઓર આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના રિકવરી ચીફ મેનેજરે શુક્રવારે સવારે બીજા માળે આવેલી બેંકની સામેની ગ્રીલમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. અખબારી અહેવાલ મુજબ ૧૬૦ કરોડ રૂપિયાની લોનનું સ્ટોક કલીયર સર્ટિ આપવાના દબાણની આશંકામાં તેમણે આ પગલું ભર્યું હતું. અખબારી અહેવાલ મુજબ બેંકમા થતી ચર્ચા મુજબ એક મોટી લોન બેંકએ એક પાર્ટીને આપી હતી અને તે પાર્ટીએ તેનો સ્ટોક હોવાનું સર્ટિફિકેટ આપવાનું હતું, ગોડાઉનમાં સ્ટોક ના હોવાના કારણે મેનેજર સર્ટિફિકેટ આપતા નહોતા. જેના માટે તેને દબાણથી આત્મહત્યાની આશંકા કરી હતી. જો કે ચીફ મેનેજરના ખિસ્સામાથી સુસાઈડ નોટ મળી નથી. મૂળ ઉતરપ્રદેશના અને હાલ જૂનાગઢનાં ઝાંઝરડા રોડ પર યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની રિજીયન ઓફિસમાં ચીફ મેનેજર (રિકવરી) તરીકે ફરજ બજાવતા સિયારામ પ્રસાદ ગતરાત્રીના ઘરેથી નીકળી ગયા હતા. તેઓના પરિવારજનોએ સિયારામપ્રસાદની શોધખોળ શરૂ કરી હતી. આ દરમ્યાન સવારે બીજા માળે આવેલી યુનિયન બેંકની રિજીયન ઓફિસની સામેની લોખંડની ગ્રીલ સાથે ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે જાણ થતાં બી ડીવીઝન પોલીસે ઘટનાસ્થળે જઈ મૃતદેહને પી.એમ.માં ખસેડયો હતો. બેંક અધિકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે સિયારામપ્રસાદ ૩૧-૫-૨૦૨૨ થી જૂનાગઢ રિજીયન ઓફિસમાં ફરજ બજાવતા હતા. તેઓને અનેક કામગીરી સોંપવામાં આવી હતી. તેના કારણે કામનું ભારણ હતું. તેઓએ બેંક મેનેજમેન્ટને રજૂઆત પણ કરી હતી પરંતુ તે ધ્યાનમાં લેવામાં આવી ન હતી, જેના કારણે સિયારામ પ્રસાદે આપઘાત કરી લીધો હતો.

# પી.એમ. વિશ્વકર્મા યોજનામાં નાના કારીગરોને લાભ મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ : ભાનુબહેન બાબરિયા



। (માહિતી) રાજકોટ, તા.૩ ।

રાજ્યના સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષસ્થાને આજે રાજકોટના સરધાર ખાતે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં આ યોજનાનો લાભ લેવા માટે કારીગરો ફોર્મ ભરવા ઉમટ્યા હતા. આ તકે મંત્રીશ્રી ભાનુબહેને લોકોને સંબોધિત કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જ પી.એમ. વિશ્વકર્મા યોજનાની જાહેરાત કરી હતી, અને નાના નાના કારીગરોને સહાયરૂપ થવાના હેતુ સાથે આ યોજના શરૂ કરાવી હતી.

ગુજરાતમાં પણ મોટી સંખ્યામાં કારીગરોને આ યોજનાનો લાભ મળી રહે તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. લોકોને આ યોજનાની વિગતો આપતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયાએ વધુમાં કહ્યું હતું કે, આ યોજના અંતર્ગત કારીગરોને પોતાનો વ્યવસાય શીખવા માટે પાંચ દિવસ સુધી વેતન સાથે તાલીમ આપવામાં આવે છે. તાલીમ પછી તેને રૂ. ૧૫ હજારની સાધન સહાય અને ધંધો- રોજગાર શરૂ કરવા માટે રૂ.એક લાખની લોન પણ સાવ નજીવા વ્યાજદરે આપવામાં આવે છે.

આ યોજના થકી ભવિષ્યમાં મોટા ઉદ્યોગકારો જન્મશે એવો આશાવાદ તેમણે વ્યકત કર્યો હતો. મંત્રી સુશ્રી ભાનુબહેને દીપ પ્રાગટ્ય કરીને આ કેમ્પ નો આરંભ કરાવ્યો હતો. એ પછી વિવિધ કારીગરોને પી.એમ. વિશ્વકર્મા યોજના સહાય માટેના ફોર્મ ભરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, ગ્રામીણ વિસ્તારના કારીગરોને આ યોજનાનો લાભ મળી રહે તે હેતુસર આ કેમ્પ યોજવામાં આવ્યો હતો. મહત્વનું છે કે, પ્રધાનમંત્રી વિશ્વકર્મા કેન્દ્રીય ક્ષેત્રની



યોજના છે, જેનો શુભારંભ પ્રધાનમંત્રી દ્વારા ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ થયો હતો. પોતાના હાથ અને સાધનોથી કામ કરતા કારીગરો અને કારીગરોને એન્ડ-ટુ-એન્ડ સહાય પૂરી પાડવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

આ યોજના ૧૮ વેપાર સાથે સંકળાયેલા કારીગરો અને શિલ્પકારોને આવરી લે છે, જેમ કે (૧) સુથાર (સુથાર/બધાઈ); (૨) બોટ ઉત્પાદક; (૩) શસ્ત્રાગાર; (૪) લુહાર (લોહાર); (૫) હેમર અને ટૂલ કિટ મેકર; (૬) લોકસ્મિથ (તાળા ચાવી કારીગર; (૭) ગોલ્ડસ્મિથ (સોની); (૮) પોટર (કુંભાર); (૯) શિલ્પકાર (મૂર્તિકાર, સ્ટોન કાર્વર), સ્ટોન બ્રેકર; (૧૦) મોચી (ચાર્મકર)/શૂઝમીથ/ફૂટવેર કારીગર; (૧૧) મેસન; (૧૨) બાસ્કેટ/મેટ/સાવરણી બનાવનાર/કોઈર વણકર, (૧૩) ઢીંગલી અને રમકડાની બનાવટ (પરંપરાગત); (૧૪) બાર્બર (નાઈ); (૧૫) માળા બનાવનાર (માલાકાર); (૧૬) વોશરમેન (ધોબી); (૧૭) દરજી; અને (૧૮) ફિશિંગ નેટ મેકર. આ કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર શ્રી કે.વી. મોરી, રાજકોટ તાલુકા મામલતદાર શ્રી કે. એચ. મકવાણા, સરપંચશ્રી પીન્ટુભાઈ ઢાકેચા, અન્ય અગ્રણી શ્રી હરેશભાઈ હેરભા, શ્રી ચેતનભાઈ કથીરીયા, શ્રી જે.કે. જારિયા, શ્રી ખોડાભાઈ, તલાટીશ્રી હિતેશભાઈ નિદ્રોડા તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨